ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૧ તા.૧૩.૦૭.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 1 Dt. 13-07-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

સુવિચાર

વ્યક્તિએ ક્યારેય તકની રાહ જોવી જોઈએ નહીં, કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે!

૨૫ જૂને બંધારણ હત્યા દિવસ ઉજવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રની મોદી સરકારે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કર્યો છે. તેને લઈને કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. હકીકતમાં જોઈએ તો, ૨૫ જૂન ૧૯૭૫ના તત્કાલિન ઈંદિરા ગાંધી સરકારે દેશમાં ઈમરજન્સી ઘોષિત કરી હતી. હવે તેને ધ્યાને રાખતા મોદી સરકારે કોંગ્રેસને ઘેરવા માટે એક દિવસને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કરી દીધો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક્સ પર તેના વિશે જાણકારી આપી છે. તેમણે પોસ્ટ કરી છે કે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ તાનાશાહી માનસિકતાનો પરિચય આપતા દેશ પર ઈમરજન્સી થોપીને આપણા લોકતંત્રના આત્માનું ગળું દબાવી દીધું હતું. લાખો લોકોને કોઈ પણ ભૂલ વિના જેલમાં નાખી દીધા હતા અને મીડિયોનો અવાજ દબાવી દીધો હતો. ભારત સરકારે દર વર્ષે ૨૫ જૂને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. આ દિવસે એ તમામ લોકોના મહાન યોગદાનને યાદ કરશે, જેમણે ૧૯૭૫ની ઈમરજન્સીના અમાનવીય દર્દને સહન કર્યું હતું.

અમિત શાહે આગળ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા આ નિર્ણયનો ઉદ્દેશ્ય એ લાખો લોકોન સંઘર્ષનું સન્માન કરવાનો છે, જેમણે તાનાશાહી

भारत का राजपत्र
The Gazette of India

असाधारण
EXTRAORDINARY
भाग I—खण्ड 1
PART I—Section 1
प्राधिकार से प्रकाशित
PUBLISHED BY AUTHORITY

नई दिल्ली, गुरुवार, जुलाई 11, 2024/आषाढ़ 21, 1946
NEW DELHI, THURSDAY, JULY 11, 2024/ASADHA 21, 1946

गृह मंत्रालय
अधिसूचना
नई दिल्ली, 11 जुलाई, 2024

MINISTRY OF HOME AFFAIRS
NOTIFICATION
New Delhi, the 11th July, 2024

સરકારની અસંખ્ય યાતનાઓ તથા ઉત્પીડનનો સામનો કરવા છતાં લોકતંત્રને પુનર્જીવિત કરવા માટે સંઘર્ષ કર્યો. સંવિધાન હત્યા દિવસ દરેક ભારતીયની અંદર લોકતંત્રની રક્ષા અને વ્યક્તિગત સ્વતંત્રતાની અમર જ્યોતિને જીવિત રાખવાનું કામ કરશે, જેથી કોંગ્રેસ જેવી કોઈ પણ તાનાશાહી માનસિકતા ભવિષ્યમાં તેની પુનરાવૃતિ ન કરી શકે. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રપતિને રાષ્ટ્રીય ઈમરજન્સી ઘોષિત કરવાનો અધિકાર છે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતાવાળા મંત્રીમંડળની લેખિત ભલામણ પર ઈમરજન્સી જાહેર કરી શકાય છે. તે અંતર્ગત નાગરિકોને તમામ મૌલિક અધિકાર બાધિત થઈ જાય છે. જ્યારે સંપૂર્ણ દેશ અથવા કોઈ રાજ્ય પર અકાળ, બાહરી દેશોના આક્રમણ અથવા આંતરિક પ્રશાસનિક અવ્યવસ્થા અથવા અસ્થિરતા વગેરે જેવી સ્થિતિ ઊભી થાય, તે સમયે આ વિસ્તારના તમામ રાજનૈતિક અને પ્રશાસનિક શક્તિઓ રાષ્ટ્રપતિના હાથમાં જતી રહે છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ વાર ઈમરજન્સી લાગૂ ચુકી છે. તેમાં વર્ષ ૧૯૬૨, ૧૯૭૧ તથા ૧૯૭૫માં અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રીય ઈમરજન્સી લગાવી હતી. જણાવી દઈએ કે ૧૯૭૫માં કટોકટી લાગુ કરવાની જાહેરાત અલાહાબાદ હાઈકોર્ટના એક ચુકાદા બાદ આવી હતી. હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીના ચૂંટણીને પડકારતી અરજી પર ૧૨ જૂન ૧૯૭૫ના રોજ ચુકાદો સંભળાવ્યો હતો. હાઈકોર્ટે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની રાયબરેલીથી ચૂંટણીને રદ કરી દીધી હતી અને આગામી ૬ વર્ષ સુધી તેમના ચૂંટણી લડવા પર પ્રતિબંધ પણ મૂકી દીધો હતો. આ પછી ઈન્દિરા ગાંધીના રાજીનામાની માંગ શરૂ થઈ ગઈ અને દેશમાં જગ્યા-જગ્યાએ આંદોલનો થવા લાગ્યા. સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો. આ પછી કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી. રાજકીય પક્ષો આને અલોકતાંત્રિક નિર્ણય ગણાવતા ઈન્દિરા સરકાર અને કોંગ્રેસને ઘેરતા રહ્યા. જે પરિસ્થિતિઓમાં કટોકટી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે રીતે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આની જાણકારી આપી, તે અંગે સવાલો ઉઠ્યા. ઈન્દિરા સરકારના નિર્ણયને સરમુખત્યારશાહી ગણાવતા વિવિધ સંગઠનો વિરોધમાં ઉતરી આવ્યા અને ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો.

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસ ભારતીય શેરબજાર નોંધપાત્ર ઉછાળા સાથે બંધ

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ભારતીય શેરબજાર નોંધપાત્ર ઉછાળા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૭૮ ટકા અથવા ૬૨૨ પોઈન્ટના વધારા સાથે ૮૦,૫૧૯ પર બંધ રહ્યો હતો. બજાર બંધ સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેર લીલા નિશાન પર અને ૧૦ શેર લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી આજે ૦.૭૭ ટકા અથવા ૧૮૬ પોઈન્ટના વધારા સાથે ૨૪,૫૦૨ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૪ શેર લીલા નિશાન પર અને ૧૬ શેર લાલ નિશાન પર હતા. અમેરિકામાં જૂન મહિનામાં ફુગાવામાં અપેક્ષિત કરતાં મોટા ઘટાડાને કારણે યુએસ ફેડ રેટ કટની શક્યતા વધી છે. જેના કારણે આજે આઈટી શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી પેક શેરોમાં આજે સૌથી મોટો વધારો ટીસીએસમાં ૬.૫૯ ટકા, વિપ્રોમાં ૪.૬૬ ટકા, એચસીએલ ટેકમાં ૩.૩૦ ટકા, ઈન્ફોસિસમાં ૩.૨૫ ટકા અને ટેક મહિન્દ્રામાં ૩.૦૪ ટકા નોંધાયો હતો. તે જ સમયે, સૌથી મોટો ઘટાડો એશિયન પેઇન્ટમાં ૧.૦૧ ટકા, ડિવિસ લેબમાં ૦.૯૩ ટકા, મારુતિમાં ૦.૯૧ ટકા, ટાઇટનમાં ૦.૮૪ ટકા અને હિન્દાલ્કોમાં ૦.૮૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો આજે નિફ્ટી આઈટીએ સૌથી વધુ ૪.૫૩ ટકાનો વધારો દર્શાવ્યો હતો. આ પછી નિફ્ટી મીડિયામાં ૨.૦૮ ટકા, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫૯ ટકા, નિફ્ટી હેલ્થકેરમાં ૦.૦૧ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેંકમાં ૦.૦૭ ટકા, નિફ્ટી ફાર્મામાં ૦.૦૫ ટકા, નિફ્ટી એફએમસીજીમાં ૦.૩૫ ટકા, નિફ્ટી એફએમસીજીમાં ૦.૦૨ ટકા અને નિફ્ટી સર્વિસમાં ૦.૦૨ ટકા બેંકમાં ૦.૦૨ ટકાનો વધારો થયો હતો.

યુનિફોર્મ સિવિલ કોડ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો છે. નિયમો બનાવવા અને અમલીકરણ સમિતિએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી. સમિતિના અધ્યક્ષ શત્રુઘ્ન સિંહે પત્રકાર પરિષદ યોજી હતી. તેમની સાથે સમિતિના સભ્ય એડીજી અમિત સિંહા, સામાજિક કાર્યકર મનુ ગૌર અને દૂન યુનિવર્સિટીના વીસી સુરેખા ડાંગવાલ હાજર હતા. તેમણે કહ્યું, 'લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુસીસી રિપોર્ટ સામાન્ય લોકો સાથે શેર કરી શકાયો નથી. હવે આ ચારેય ગ્રંથોનો અહેવાલ અને માર્ગદર્શિકા આજે જાહેર કરવામાં આવી રહી છે. યુસીસી રિપોર્ટમાં વસ્તી નિયંત્રણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ તે યુસીસીમાં સામેલ નથી. એ જ રીતે, યુસીસી રિપોર્ટમાં દત્તક લેવાના અધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે કાયદામાં સામેલ નથી. રિપોર્ટના વોલ્યુમ ૧ અને વોલ્યુમ ૩ જાહેર કરવામાં આવશે. યુનિફોર્મ સિવિલ કોડ પર સંશોધન રિપોર્ટ ઉત્તરાખંડમાં બહાર પાડવામાં આવશે. જે રિપોર્ટ યુ-સીસીનો આધાર હતો તે સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. આ પગલાનો હેતુ લોકોને યુસીસી વિશે જાગૃત કરવાનો છે, એવી અપેક્ષા છે કે ઓક્ટોબર મહિના સુધીમાં યુસીસી લાગુ કરવામાં આવશે.

રાહુલની અપીલ અપમાનજનક શબ્દપ્રયોગ નહી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીના બચાવમાં એવું કર્યું કે જેનાથી લોકો ખુશ થઈ ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીને લઈને આજે શુક્રવારે મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાજપના નેતા સ્મૃતિ ઈરાની વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવાની અપીલ કરી છે. રાહુલ ગાંધીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર લખ્યું છે કે, 'હું દરેકને વિનંતી કરું છું કે સ્મૃતિ ઈરાની અથવા અન્ય કોઈ નેતા પ્રત્યે અપમાનજનક ભાષા અને ખરાબ વર્તનનો ઉપયોગ કરવાનું ટાળો.' તેના આ ટ્વીટ પછી લોકોએ કહ્યું કે, 'તેમણે દિલ જીતી લીધું' આ વખતે અમેઠીમાં હાર બાદ કોંગ્રેસ ભાજપ નેતા સ્મૃતિ ઈરાની પર જોરદાર નિશાન સાધી રહી છે. ત્યારે હવે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપના નેતા સ્મૃતિ ઈરાનીને લઈને કોંગ્રેસના નેતાઓને કડક સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના સરકારી બંગલો ખાલી કરવા અંગે સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ ટિપ્પણી કરી છે.

વિશ્વાસ મત હારતા નેપાળમાં 'પ્રચંડ' સરકાર પડી

કાઠમંડુ, તા.૧૨

નેપાળના વડાપ્રધાન રહેલા પુષ્પ કમલ દહલ પ્રચંડ માટે શુક્રવાર (૧૨ જુલાઈ)નો દિવસ એક ખરાબ દિવસ સાબિત થયો. તેમણે સંસદમાં પોતાનો વિશ્વાસમત ગુમાવી દીધો. ત્યારબાદ તેમણે પોતાના પદ પરથી રાજીનામું પણ આપી દીધું. જેના પછી હવે પ્રશ્ન થવા લાગ્યો છે કે નેપાળના આગામી વડાપ્રધાન કોણ બનશે?

નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ સંસદના નીચલા ગૃહમાં વિશ્વાસમત મેળવી શક્યા નહીં. તેમના સમર્થનમાં માત્ર ૬૩ મત પડ્યા જ્યારે વિરોધમાં ૧૯૩ મત. આમાં એક સાંસદે મતદાનમાં ભાગ લીધો ન હતો. સંસદમાં કુલ ૨૫૮ સાંસદો હાજર હતા.

ગયા અઠવાડિયે તેમની સરકાર માંથી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઇડ માર્ક્સવાદી લેનિનવાદી (સીપીએન-યુએમએલ)એ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. દેશની ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાં ૬૯

કેપી શર્માની આગેવાની હેઠળના CPN UMLએ ટેકો પાછો ખેંચી લીધા પછી પ્રચંડને વિશ્વાસ મતનો સામનો કરવો પડ્યો

વર્ષના પ્રચંડને ૬૩ મત મળ્યા, જ્યારે વિશ્વાસમત પ્રસ્તાવની વિરુદ્ધમાં ૧૯૪ મત પડ્યા. વિશ્વાસમત મેળવવા માટે ઓછામાં ઓછા ૧૩૮ મતની જરૂર હતી. પ્રચંડ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પદ સંભાળ્યા પછી ચાર વખત વિશ્વાસમત મેળવવામાં સફળ રહ્યા, પરંતુ આ વખતે તેમને નિષ્ફળતા મળી.

પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીના નેતૃત્વ હેઠળની સીપીએન-યુએમએલએ સદનમાં સૌથી મોટી પાર્ટી નેપાળી કોંગ્રેસ સાથે સત્તા-ભાગીદારી સમજૂતી પર હસ્તાક્ષર કર્યા પછી ગયા અઠવાડિયે પ્રચંડના નેતૃત્વવાળી સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લીધું હતું. નેપાળી કોંગ્રેસના અધ્યક્ષ શેર બહાદુર દેઉબા પહેલેથી જ આગામી વડાપ્રધાન તરીકે ઓલીનું સમર્થન કરી ચૂક્યા છે. નેપાળી કોંગ્રેસ પાસે પ્રતિનિધિ સભામાં ૮૯ બેઠકો છે, જ્યારે સીપીએન-યુએમએલ પાસે ૭૮ બેઠકો છે. આ રીતે બંનેની સંયુક્ત સંખ્યા ૧૬૭ છે, જે નીચલા ગૃહમાં બહુમતી માટે જરૂરી ૧૩૮થી ઘણી વધારે છે.

૨૭૫ સભ્યોની પ્રતિનિધિ ધરાવતા નેપાળના નીચલા ગૃહમાં સરકારની રચના માટે ૧૩૮ સભ્યોની જરૂર હોય છે, જ્યારે નેકા અને સીપી એન-યુએમએલ ગઠબંધન પાસે ૧૬૭ સભ્યોનું બળ છે જે નીચલા ગૃહમાં બહુમતીના આંકડા કરતાં ઘણું વધારે છે. આથી આશાઓ લગાવવામાં આવી રહી છે કે દેઉબા અને ઓલીની સત્તામાં વાપસી થઈ શકે છે. નેકા અને સીપીએન-યુએમએલ વચ્ચે થયેલા સમજૂતી મુજબ ઓલી અને દેઉબા વારાફરતી ત્રણ વર્ષ સુધી વડાપ્રધાન પદ સંભાળશે. નેપાળી કોંગ્રેસના અધ્યક્ષ શેર બહાદુર દેઉબાએ પહેલેથી જ ઓલીને આગામી વડાપ્રધાન તરીકે સમર્થન આપી દીધું છે.

કેન્દ્રના નિર્ણય બાદ કોંગ્રેસ અને મમતાની પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્ર સરકારે દેશમાં દર વર્ષે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, આ દિવસે ૧૯૭૫માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં ઈમરજન્સી લાગુ કરવામાં આવી હતી. હવે સરકારના નિર્ણય પર કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી સહિત ઘણા લોકોની પ્રતિક્રિયા પણ સામે આવી છે.

દર વર્ષે ૨૫ જૂને 'કોન્સ્ટિટ્યુશન કિલિંગ ડે' મનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આ નિર્ણયને લઈને કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન ફરી એકવાર દંભથી ભરેલી હેડલાઈન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ એ જ વડાપ્રધાન છે જેમના માટે લોકશાહીનો અર્થ માત્ર ડેમો-ચેર છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા વધુમાં કહ્યું કે, ૪ જૂન, ૨૦૨૪ ભારતના લોકો માટે ઈતિહાસમાં મોદી લિબરેશન ડે તરીકે ઓળખાશે. ૨૦૨૪ માં નિર્ણાયક વ્યક્તિગત, રાજકીય અને નૈતિક હાર સહન કરતા પહેલા તેમણે દસ વર્ષ માટે અઘોષિત કટોકટી લાદી હતી.

ગુજરાતમાં મેડિકલ કોલેજની નવી ફી જાહેર થશે

નવી દિલ્હી, તા.૧૨

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી (જીએમઈઆરસી) સંચાલિત ૧૩ મેડિકલ કોલેજમાં એમબીબીએસ ની ફીમાં કરવામાં આવેલા અસહ્ય વધારા સામે રાજયભરમાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો હતો. દરમિયાન વિવાદ વચ્ચે રાજય સરકારને ફી વધારામાં ફેરવિચારણા કરવાની ફરડ પડી છે. ગુજરાત સરકાર હવે નવો પરિપત્ર બહાર પાડી નવી ફી જાહેર કરશે. આરોગ્ય અને પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગેની જાહેરાત કરી હતી.વક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે કહ્યું છે કે, ફી વધારા અંગે રાજય સરકાર વચ્ચે જ્યારે ચર્ચા થાય ત્યારે વિદ્યાથી-ઓના હિતમાં ચોક્કસ નિર્ણય લેવાશે. વિદ્યાર્થીઓ અને તેના પરિવાર આસ્વસ્થ રહે કેમ કે સરકાર અનેક યોજના થકી ફીમાં ફાયદો કરી આપે છે. આ સાડા પાંચ લાખ ફી કેમ કરી છે એના જસ્ટીફિકેશન સાથે જે સૂચન આવે એની સાથે નવો પરિપત્ર કરાશે એમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, આ ફી વધારા સંદર્ભે વિદ્યાર્થી વાલી મંડળ, આઈ એમ એ, એન.એમ.ઓ તરફથી જે રજૂઆત મળી છે એની પર ચર્ચા કરી નવી ફીની જાહેરાત કરીશું. તેમજ નવા પરિપત્ર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં જે નિર્ણય લેવાનો હશે તે લેવાશે

મહારાષ્ટ્ર એમએલસી ચૂંટણીમાં એનડીએ ને ૯ બેઠક

કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હોવાની શક્યતા ઈન્ડીયા ગઠબંધનને ૨ બેઠક મળી મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણી પહેલા એનડીએ માટે બુસ્ટર ડોઝ સાબિત થશે આ પરિણામ

મહારાષ્ટ્ર, તા.૧૨

મહારાષ્ટ્રમાં વિધાન પરિષદની ચૂંટણીમાં એનડીએ ને પ્રચંડ જીત મળી છે. ગઠબંધનને ૧૧માંથી ૯ બેઠકો મળી છે. ઈન્ડિયા ગઠબંધનના ત્રણ ઉમેદવારો હતા, જેમાંથી માત્ર ૨ જ જીતી શક્યા છે. કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોના ક્રોસ વોટિંગ કર્યુ હોવાનુ અનુમાન છે. ચુંટણી પૈકીની બેઠકોની ગણતરીમાં ભાજપે ૫ બેઠકો, શિવસેના શિંદે અને NCP અજિત પવાર જૂથે ૨-૨ બેઠકો જીતી છે. જ્યારે ઈન્ડિયા ગઠબંધનમાંથી શિવસેના અને કોંગ્રેસે એક-એક સીટ જીતી છે. શરદ પવારના સમર્થનમાં ઉભેલા જયંત પાટીલ ચૂંટણી હારી ગયા છે.આજે ચુંટણી માટે મતદાન થયુ હતુ અને આજેજ પરિણામો આવ્યા હતા.

વિધાન પરિષદની ચૂંટણી જીતવા માટે ઉમેદવારને ૨૩ ધારાસભ્યોના મતની જરૂર હતી. તેમાં ભાજપના ૧૦૩, શિવસેના (શિંદે જૂથ) ના ૩૮, એનસીપી (અજિત જૂથ) ના ૪૨, કોંગ્રેસના ૩૭, શિવસેનાના ૧૫ અને એનસીપી (શરદ પવાર) ના ૧૦ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના રાજકારણમાં ચાલતી ઉથલપાછલ વચ્ચે આ સમાચાર ભાજપ માટે ઘણા અગત્યના મનાઇ રહ્યા છે.

હાથરસકાંડમાં સુનાવણીનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે ૧૨૧નો ભોગ લેનારા હાથરસકાંડ કેસમાં સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. અરજદાર-ોએ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી. જોકે કોર્ટે અરજી પર સુનાવણી હાથ ધર્યા બાદ અરજદારોને હાઈકોર્ટ માં જવા કહ્યું છે. અરજદારોની અરજી પર સુનાવણી કરતી વખતે સીજેઆઈ ડી.વાય.ચંદ્રચુડે કહ્યું કે, ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન મચેલી નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થવાની ઘટના ખૂબ જ દુઃખદ છે. જોકે આ કેસમાં સુનાવણી કરવા માટે હાઈકોર્ટ સક્ષમ છે, તેથી તેઓ હાઈકોર્ટ માં અરજી કરે. અરજદારોએ હાથરસકાંડની તપાસ કરવા માટે સર્વોચ્ચ અદાલતના સેવાનિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ પાંચ સભ્યોની વિશેષ સમિતિની નિમણૂ કરવાની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશના હાથરસમાં બે જુલાઈના રોજ સત્સંગનું આયોજન કરાયું હતું, જેમાં નાસભાગ થતાં ૧૨૧ લોકોના મોત થયા હતા. અહેવાલો મુજબ હાથરસ જિલ્લાના ફુલરઈ ગામમાં બાબા નારાયણ હરિ ઉર્ફે ભોલે બાદાનો સત્સંગ ચાલી રહ્યો હતો, જેમાં ૨.૫ લોકો આવ્યા હતા. આ અરજી સીજેઆઇ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવી હતી. એડવોકેટ વિશાલ તિવારીએ દાખલ કરેલી અરજીમાં તેમણે ઉત્તર પ્રદેશ સરકારને આ ઘટના અંગે સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરવાની અને બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માગ કરી હતી.સુપ્રીમ કોર્ટને વિનંતી કરવામાં આવી છે કે તેઓ કોઈપણ ધાર્મિક કે અન્ય કાર્યક્રમના આયોજનમાં જનતાની સુરક્ષા માટે નાસભાગ કે અન્ય ઘટનાઓને રોકવા માટે રાજ્યોને માર્ગદર્શિકા જારી કરવા નિર્દેશ આપે.દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તપાસ માટે પાંચ નિષ્ણાતોની ટીમ બનાવવામાં આવે.

અનેક રાજ્યોમાં વીજળી-વરસાદે વિનાશ વેર્યો

નવી દિલ્હી, તા.૧૨

દેશના અનેક રાજ્યોમાં વીજળીએ તબાહી મચાવી છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અલગ-અલગ વિસ્તારોમાં વીજળી પડવાને કારણે ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે સેંકડો લોકો ઘાયલ પણ થયા છે.બિહારમાં તોફાન અને વીજળી પડવાને કારણે અત્યાર સુધીમાં ૫૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે વીજળી પડવાથી થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા ની એક્સ-ગ્રેશિયાની જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી ૨૦ જિલ્લામાં ૪૩ લોકોના મોત થયા છે, જ્યારે ડઝનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે સૌથી વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા, જ્યારે સુલતાનપુરમાં ૭ અને ચંદૌલીમાં ૬ લોકોના મોત થયા અને એક ડઝન લોકો ગંભીર રીતે દાઝી ગયા. પ્રયાગરાજમાં પણ વીજળી પડવાથી ૪ લોકોના મોત થયા છે.પૂર્વી ઉત્તર પ્રદેશના ચંદૌલીમાં બુધવારે સાંજે વીજળી પડવાથી અડધો ડઝન લોકોના મોત થયા હતા જ્યારે એક ડઝન લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટનાઓમાં મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, જેઓ ઘાયલ થયા છે કંડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક વ્યક્તિ સામેલ છે. ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે પાંચ અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે એક વ્યક્તિને ઈજા થઈ હતી. પ્રતાપગઢના માણિકપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે કંધાઈ પોલીસ સ્ટેશન માં ત્રણ લોકોના મોત થયા છે. ફતનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક વ્યક્તિ, જેઠવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક, અંતુ વિસ્તારમાં એક અને સંગ્રામગઢ પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિનું મોત થયું છે. પોલીસ અધિક્ષક પશ્ચિમ સંજર રાયે જણાવ્યું હતું કે પાંચ અલગ-અલગ પ ોલીસ સ્ટેશનોમાં વીજળી પડવાથી ૧૧ લોકોના મોત થયા છે અને પંચનામા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.ધવારે સાંજે યુપીના સુલતાનપુર જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ વીજળી પડવાથી ત્રણ બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. આ ઘટનાથી અસરગ્રસ્ત પરિવારોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રથમ ઘટના ચંદા કોતવાલી વિસ્તારના રાજા ઉમરી ગામમાં બની હતી. આ સ્થળની રહેવાસી કમલા યાદવ પડોશમાં રહેતા કિશોર રૂદ્ર પ્રતાપ યાદવ સાથે કેરીઓ લેવા માટે બગીચામાં ગઈ હતી. દરમિયાન અચાનક વીજળી પડી હતી અને તેના કારણે બંને દાઝી ગયા હતા.

નેપાળમાં બે બસો નદીમાં વહી જતાં ૧૧નાં મોત

નેપાળમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. મધ્ય નેપાળમાં મદન આશ્રિત હાઈવે પર ભૂસ્ખલનની ભયાનક ઘટના બની હતી જેના કારણે લગભગ ૬૩ મુસાફરોને લઈ જતી બે બસો ત્રિશૂળી નદીમાં વહી ગઈ હોવાના અહેવાલ મળ્યાં છે. બંને બસોમાં ડ્રાઈવરો સહિત કુલ ૬૩ મુસાફરો સામેલ હોવાની માહિતી છે. ચિતવનના મુખ્ય જિલ્લા અધિકારી ઈન્દ્રદેવ યાદવે ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે શરૂઆતની માહિતી મુજબ ભૂસ્ખલનને કારણે બસો સવારે આશરે ૩:૩૦ વાગ્યે નદીમાં વહી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૭ ભારતીયો સહિત કુલ ૧૧ લોકો મૃત્યુ પામી ગયા છે. જોકે અન્ય લોકોની શોધખોળ હજુ પણ જારી છે. મૃતકાંક વધી શકે છે. મળતી માહિતી અનુસાર ઘટનાસ્થળે ભારે વરસાદને પગલે રેસ્ક્યૂ અને શોધખોળ અભિયાનમાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઘટના અંગે નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે નારાયણગઢ-મુગ્લિન રોડ પર ભૂસ્ખલનની લપેટમાં આવતા બસ નદીમાં વહી જતાં લગભગ ૬૦થી વધુ લોકો ગુમ છે. નેપાળમાં જૂનથી જ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. ભૂસ્ખલન અને પૂર જેવી ઘટનાઓને લીધે લોકોની હાલત દયનીય થઈ ગઈ છે. અનેક રસ્તા બંધ થઈ ગયા છે તો અનેક નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. તાજેતરની ઘટના ચિતવન નજીક બની હતી. અહીં કાઠમંડુથી ગૌર તરફ જતી એક બસ

આજનું રાશિફળ

મેષ :
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને થકવનારી તથા તાણયુક્ત હશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહી, જેનાથી જીવનમાં આગળ જતાં તમને તેના વિશે અફસોસ થાય. આજે તમે એ જાણશો કે લગ્ન સ્વર્ગમાં રચાતા હોવાનું શા માટે કહેવાય છે. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો.

વૃષભ :
આજે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. જીવન તમને આશ્ચર્યો આપતું રહે છે, પણ આજે તમે તમારા જીવનસાથીની અદભુત બાજુ જોઈને આશ્ચર્યચકિત થઈ જશો.

મિથુન :
આજના દિવસે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહી કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે, જે તમને વિશ્વના તમામ ગીતો ભુલાવી દેશે. તમને જો કોઈ દલીલબાજીમાં ખેંચવામાં આવે તો કોઈ કઠોર ટીકા કે ટિપ્પણી તમે ન કરો એની સાવચેતી રાખજો. આજે તમારૂં લગ્નજીવન સુંદર વળાંક લેશે.

કર્ક :
આજે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે એકાએક રોમેન્ટિક મેળાપની આગાહી છે. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારી કિશોરાવસ્થામાં જશો અને એ નિર્દોષ મસ્તીને યાદ કરશો તથા તેને ફરી માણશો.

સિંહ :
આજના દિવસે ઘરનું ટેન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશો। તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા.

કન્યા :
આજે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. જ્યારે તમને લાગે કે તમારી પાસે તમારા પરિવારના સભ્યો અથવા તમારા મિત્રો માટે સમય નથી, તો તમે પરેશાન થશો. આજે પણ તમારી માનસિક સ્થિતિ સમાન રહી શકે છે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે કોઈ બહારની વ્યક્તિ મતભેદ સર્જવાનો પ્રયાસ કરશે, પણ તમે બંને આ પ્રયાસને સંભાળી લેશો.

તુલા :
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ભૂતકાળમાં તમારા પ્રિય પાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો. બધા જ ઝઘડા અને ગેરસમજ બાજુ પર મુકી તમારા જીવનસાથી તમને પ્રેમથી આલિંગન આપશે ત્યારે જીવન ખરેખર ઉત્સાહથી સભર હોવાનું તમને વાગશે. જો તમે તમારો કિંમતી સમય બિનજરૂરી રીતે બગાડો નહી, તો તે તમારા માટે સારું રહેશે.

વૃશ્ચિક :
આજે સવારથીજ તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મનોરંજન અથવા કોસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહી. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે. આ તમારા પરિવાર માં સુમેળ પેદા કરશે. આજે તમે તમારા જીવનસાથીની વાતનો ખોટો અર્થ લેશો, જે તમને આખો દિવસ વિચલિત રાખશે. તમારા પ્રિયજનો સાથે મૂવી જોવી એ ખૂબ સરસ અને મનોરંજક છે.

ધન :
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ના દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થઈ શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વેકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. તમારા વડે આજ ના દિવસ માં એવા કામ કરવા માં આવશે જેના વિષે તમે ઘણી વાર વિચારો છો પરંતુ કરવા માટે અસમર્થ હતા. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ સમય વ્યતીત કરશો.

મકર :
આજે તમારિ રાશિના કેટલાક લોકોને જિંદગી માટે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે. આ કિસ્સા માં, તમારે કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરવો જ જોઈએ. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

કુંભ :
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો. આજે તમને વિશ્વમાં સૌથી પૈસાદાર હોવાની અનુભૂતિ થશે, કેમ કે તમારા જીવનસાથી તમારી સાથે એવું વર્તન કરશે.

મીન :
આજના દિવસે તમે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું. પ્રવાસ તરત કોઈ પરિણામ નહી લાવે પણ ભાવિ લાભ માટે તે સારો પાયો ચણશે. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે. આજે રાત્રે તમે કોઈ ને કહ્યા વિના ઘર ની બહાર જઈ શકો છો કારણ કે તમારા મન માં કંઈક મૂંઝવણ રહેશે અને તમે સમાધાન શોધી શકશો નહી.



ભુજ તાલુકાના સુમરાસર (શેખ), ઢોરી, કુનરિયા અને લોરીયા ગામના ૨૫૧ બોરવેલ અને કુવા રી-ચાર્જ કરાશે

ભુજ તા.૧૨
સુમરાસર (શેખ) ગામે સુમરાસર (શેખ) દુધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા અંતિમ ભાવ ફેર વિતરણ, સમાજ નવનિર્માણ ટ્રસ્ટ, ભુજ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુમરાસર (શેખ), ઢોરી, કુનરિયા અને લોરીયા ગામના "૨૫૧ બોરવેલ અને કુવા રી-ચાર્જ" કાર્યક્રમનું આયોજન ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને કચ્છના સાંસદ વિનોદ ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સુમરાસર (શેખ) દુધ ઉત્પાદક સહકારી મંડળી જે સમગ્ર કચ્છ જિલ્લામાં સરહદ ડેરીમાં દુધ ભરાવતી ૯૦૦ મંડળીઓ પૈકી સૌથી વધુ દુધ ઉત્પાદન કરી સતત પાચમાં વર્ષે કચ્છ જીલ્લામાં પ્રથમ ક્રમાંકે આવી જેથી વર્ષ ૨૦૨૩/૨૪ ની ૫૯ લાખની રકમનો ચેક સાંસદ વિનોદ ચાવડા તેમજ કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાના વરદ હસ્તે સુમરાસર (શેખ) દુધ ઉત્પાદક સહકારી મંડળીને એનાયત કરવામાં આવ્યો હતો, આ તબક્કે સુમરાસર (શેખ) દુધ સહકારી મંડળીમાં સૌથી વધુ દુધ ભરાવનાર પશુપાલકો તેમજ સૌથી વધુ દુધ આપતી ભેંસના પશુપાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજ નવનિર્માણ ટ્રસ્ટ, ભુજ દ્વારા સુમરાસર (શેખ) ની પ્રાથમિક શાળાઓમાં પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવી રહેલા ૧૨૮ વિદ્યાર્થીઓને શૈક્ષણીક કીટ આપવામાં આવી હતી, આ કાર્યક્રમમાં સાંસદ શ્રી ચાવડા, જિ.પં. પ્રમુખ શ્રી જાડેજા ઉપરાંત ભુજ તા.પં.પ્રમુખ વિનોદ વરસાણી, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજી જોધાણી, ભુજ એ.પી.એમ.સી. ચેરમેન હઠુભા જાડેજા,

સુમરાસર દૂધ ઉત્પાદક મંડળી દ્વારા સાંસદ અને જિ.પં.અધ્યક્ષ ની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયા

સામાજીક ન્યાય સમિતિના ચેરમેન લક્ષ્મણ મેરીયા, જીલ્લા પંચાયત સદસ્ય દામજી ચાડ, જીલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ અશોક હાથી, તાલુકા ભાજપના ઉપપ્રમુખ હરીભાઈ ગાગલ, સુમરાસર સરપંચ રણછોડ આહિર, કુનરિયા સરપંચ સુરેશ છાંગા, ઢોરીના સરપંચ ગોપાલભાઈ, પશુપાલકો, રાજકીય આગેવાનો ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રારંભે સુમરાસરના સરપંચ રણછોડભાઈ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધી સુમરાસર (શેખ) દુધ ઉત્પાદકસહકારી મંડળીના પ્રમુખ વિરમ આહિર દ્વારા કરાઈ હતી.

નલીયાની મોડેલ શાળા મચ્છર જન્ય રોગની બાળકોને સમજ અપાઈ

નલીયા, તા.૧૨
ગુજરાત સરકાર દ્વારા "મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦ અભિયાન અતર્ગત કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કચ્છ જિલ્લાના તમામ ગામ અને શહેરી વિસ્તારમાં ૧૦૦૦ની વસતીએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ ૨૦૨૭ સુધીમાં શુન્ય સ્તરે લઇ જવા જિલ્લા આરોગ્ય તંત્ર સંકલ્પબદ્ધ છે. ત્યારે નલીયાની મોડેલ શાળા ખાતે ડેન્ગ્યુ વિરોધી માસ(જુલાઇ) અંતર્ગત બાળકોને સ્માર્ટબોર્ડ પર મચ્છરજન્ય રોગો અને મચ્છરના જીવનચક્રના વીડિઓ બતાવીને સમજણ આપવામાં આવી હતી. તથા પત્રિકાઓનું વિતરણ કરી ચોમાસાની ઋતુમાં ફેલાતા વાહકજન્ય રોગો બાબતે સમજણ આપવામાં આવી હતી. કચ્છમાં દર વર્ષે શાળાઓ તથા અન્ય સ્થળો પર મચ્છરજન્ય રોગ તથા તેન અટકાવવા માટેના પગલા સંદર્ભે આવા કાર્યક્રમો આયોજીત થાય છે જેથી લોકોમાં જાગૃતતા આવે. ચૌમાસા બાદ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમા પાણી ભરાયા બાદ મચ્છરજન્ય રોગ વધે છે તેવામાં આરોગ્ય વિભાગ અત્યારથીજ બાળકોને આ અગે સમજ આપવા સક્ષ્ય થયુ છે.

અંજારમાં વિ.ઓ.જૈન સમાજ અદ્યતન સમાજવાડીનું નિર્માણ કરશે

અંજાર તા.૧૨
વિશા ઓસવાલ જૈન ગુર્જર જ્ઞાતિ-અંજારની નૂતન સમાજ વાડીના ભવનના નિર્માણ માટે ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. હાલે પાંચ પ્લોટ ખરીદ કરી તેમાં હોલ, પાર્ટીપ્લોટ એ.સી રૂમ સહિત અધ્યતન નૂતન સમાજ વાડીનું નિર્માણ કરવામાં આવશે, તેના ભાગરૂપે સવારે ૧૦-૩૦ કલાકે ભૂમિ પૂજન સમારોહ, બપોરે ભૂમિ પૂજન અને અહીંના સમસ્ત જૈન સમાજનો ભોજન સમારંભ યોજવામાં આવ્યા હતો. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત કરતા ઉપપ્રમુખ મહેશ દોશીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજાવી સૌને આવકાર આપ્યો હતો, જીગ્નેશ દોશીએ સમગ્ર સમાજ માટે ઉપયોગી પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપી હતી, જ્યારે મંત્રી ભરત શાહે સમાજ સાથે રહી સમાજવાડી ના નિર્માણ માટે યશોભાગી થવા અપીલ કરી હતી. આ પ્રસંગે રજનીકાંત દોશી એ જણાવ્યુ હતું કે સમાજ માટે આ શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે જે આવનારી ભવિષ્યની પેઢી માટે આશીર્વાદ રૂપ બની રહેશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી જગદીશ સંઘવીએ તેમના ઉદબોધનમાં કહ્યું હતું કે, દાતા પરિવારના સહયોગથી આ ભગીરથ કાર્ય થઈ રહ્યું છે ત્યારે સમગ્ર સમાજમાં ખુશીની લાગણી ફેલાય તે સ્વભાવિક છે, તેમણે વધુમાં સમાજની એકતા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રોજેક્ટ ચેરમેન ડેનીભાઈ શાહે કર્યું હતું.

ભૂમિ પૂજન સમારોહમાં પ્રથમ તબક્કે રૂ. ત્રણ કરોડ એકત્રિત થયા: દેશભરમાંથી જ્ઞાતિ પરિવારો ઉપસ્થિત રહ્યા

શાસ્ત્રોક્ત વિધિ મારાજ યોગેશ દવે એ કરાવી હતી. આ પ્રસંગે અંજાર શહેર તેમજ ભારતભરમાંથી સમાજની દીકરીઓ આ પાવન પ્રસંગે ઉપસ્થિત રહી હતી, આ કાર્યક્રમમાં અંજાર ઉપરાંત આદિપુર, ગાંધીધામ, ભુજ, માંડવી, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ, સતના સહિતના શહેરોમાંથી મૂળ અંજારના વતની એવા જ્ઞાતિજનો અને પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દાતા પરીવારના ઉપસ્થિત, દોશી રામણીકલાલ લક્ષ્મીચંદ પરિવાર,સ્વ.વસંત શાંતિલાલ વોરા પરિવાર, દયાબેન પ્રાણલાલ શાહ પરીવાર, શાહ લલાવંતીબેન રજનીકાંત પરીવાર, શાહ ચંપકલાલ ચુનીલાલ પરીવાર, સંઘવી મોહનલાલ જેવતલાલ પરિવાર, માનવંતી બેન નાનાલાલ ભગવાનજી પરિવાર, શાહ મોહનલાલ મોતીચંદ પરિવાર, ધનગોરીબેન કનકલાલ દોશી પરિવાર, પારેખ હંશરાજ પરષોતમ પરિવાર, ગાંધી શાંતાબેન ભોગીલાલ પરિવાર, શાહ વિનોદચંદ્ર ચુનીલાલ પરિવાર, બિહારી રવીલાલ શાહ પરીવાર, ચંદ્રકાન્ત છોટાલાલ સંઘવી પરીવાર, સ્વ.શાહ જયેન્દ્ર નાનાલાલ પરીવાર, શાહ મંજુલાબેન માણેકલાલ પરિવાર, મંજુલાબેન સેવતીલાલ શાહ પરિવાર, સ્વ. રસીલાબેન શાંતિલાલ દોશી પરિવાર, શાહ જમનાદાસ ઓધવજી પરિવાર , માણેશિ રાજા આશહર્ણ શાહ પરીવાર, શાહ દિલિપ ચંદુભાઈ પરીવાર, કેશવલાલ મોતીચંદ પરિવાર, શાહ હિરણકુમાર ચમનલાલ પરીવાર, સંઘવી વનેચંદ મણિલાલ પરીવાર, શાહ નાનાલાલ મોતીચંદ પરીવાર, શાહ મૂળેક્ષા જશવંતભાઈ, હંસાબેન, લતાબેન, બિનાબેન, પ્રેમિલાબેન મહેતા, હંસાબેન હીમતલાલ આશાકરણ સંઘવી પરિવાર, હાશ્યાબેન પ્રફુલચંદ સોભાગચંદ શાહ પરિવારમાં અંદાજે રૂપિયા ૩ કરોડની રકમ એકત્રિત થઈ હતી. બહારથી પધારેલ મહેમાનો ભરત સેવતીલાલ શાહ (પ્રમુખ વિશા ઓશવાલ ગુર્જર અંજાર હાલે મુંબઈ), બિહારીલાલ રવીલાલ શાહ, રજનીકાંત રવીલાલ દોશી, મહેશ વિરચંદ શાહ, ગ્રીનટન દોશી પ્રેમિલાબેન દિનેશ મહેતા, જતિન પારેખ, ધીરુભાઈ પારેખ તેમજ જૈન સંઘ, આઠ કોટિ નાની પક્ષ, આઠ કોટી મોટીપક્ષ, છ કોટિ સ્થાન જૈન સંઘ, તપગચ્છ જૈન સંઘ, ખરતર ગચ્છ જૈન સંઘ, અચલગચ્છ જૈન સંઘ, વાગડ સાત ચોવીસી જૈન સંઘ, વાગડ બે ચોવીસી જૈન સંઘ, ભુજ વિશા ઓશવાળ સમાજ ના સ્મિતભાઈ જવેરી, ગાંધીધામ વિશા ઓશવાળ, માંડવી વિશા ઓશવાળ, મુંદ્રા વિશા ઓશવાળ સમાજના લોકો હાજર રહ્યા હતા. પ્રમુખ જગદીશ સંઘવી, ઉપપ્રમુખ મહેશ દોશી, મંત્રી ભરત શાહ, સહમંત્રી જયેન્દ્ર પારેખ અને પ્રોજેક્ટ ચેરમેન ડેનીભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારીના સભ્યો અશોક ગાંધી, અતુલ ભણસાલી, જીગ્નેશ દોશી, ડો. રાજેન્દ્ર શાહ, ભાવેશ વોરા, અશોક દોશી, કૃણાલ શાહ, મૌલિક શાહ વગેરે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે અંજાર નગરપાલિકાદ્વારા મળેલ સહકાર બદલ આભાર માનવામાં આવ્યો હતો.

ગાંધીધામને મહાનગરપાલિકાના દરજ્જા બાદ ઝડપી સુધારાની માંગ

ગાંધીધામ ચેમ્બર અને બિલ્ડર એસોસીએશનની સંયુક્ત બેઠકમાં ડીપીએ, જીડીએ, એસ.આર.સી.,નગરપાલિકા અને પ્રશાસન સમક્ષ વિવિધ રજુઆત કરાશે ચેમ્બર ભવન ખાતે બેઠક મળી જેમાં વિવિધ બાબતો પર ચર્ચા કરાઇ રહેણાંકમાંથી કોમર્શિયલ હેતુફેર,સીમાન વધારો તથા રસ્તા, પાણી, ડ્રેનેજ અને લાઇટની મૂળભૂત સુવિધા ઉમેરવા સાથે પ્રવાસન સ્થળો વિકસાવવા મંથન

ગાંધીધામ તા.૧૨
આર્થિક અને બંદરીય સાથે ઔદ્યોગિક નગરી ગણાતા જોડિયા શહેરો ગાંધીધામ-આદિપુરને મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થયો છે ત્યારે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરી બિલ્ડર્સ એસોસીએશનના પ્રતિનિધિઓને સાથે રાખી શહેરના વધતા જતા વસ્તી વધારા, ભારણ સાથેનું દબાણ,પોર્ટ આધારિત આવી રહેલા નવા ઉદ્યોગોના આગમનને કારણે શહેરનું સીમાંકન,જમીનહેતુફેરતેમજપ્રજાલક્ષીબાબતોનેમહત્વ આપવામાં આવેલ જાહેર સુખાધિકારો જેવા કે,પાણી, ગટર, રસ્તા,આરોગ્ય અને લાઇટ જેવી પ્રાથમિક અને પાયાની સુવિધાઓની પ્રક્રિયા ઝડપી તથા સરળ બનાવવા પ્રશાસન સાથે સંયુક્ત બેઠક યોજી સઘન પ્રયાસ હાથ ધરવા માંગ કરાઇ છે. આ અંગે ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુજના જણાવ્યા અનુસાર બેઠક દરમ્યાન શહેરી બિલ્ડર્સ એસોસીએશન દ્વારા રજુઆત કરવામાં આવેલ તેના આધારે શહેરમાં રહેઠાણના વિસ્તારની કોમર્શિયલમાં રૂપાંતરિત કરવાની તાત્કાલિક જરૂરિયાત છે અને આ માટે શહેરના મુખ્ય જાહેર માર્ગો, આદિપુર-ગાંધીધામ ટાગોર રોડ,રામબાગ રોડ, તેમજ એરપોર્ટ રોડને હેતુફેર કરી તેમાં સમાવવાની જરૂરિયાત પર ભાર મુકાયો હતો. આ ઉપરાંત નવી વિકસિત થયેલી સોસાયટીઓ અને તુણા તરફ નવું ટેનર ટર્મિનલ પોર્ટ અસ્તિત્વમાં આવી રહેલ હોઇ કીડાણા, શિણાય, તુણા જેવા વિસ્તાર તરફ આગામી સમયના વસ્તી વધારાને નજર સમક્ષ રાખી નવી-નવી સોસાયટીઓ વિક્સી રહી છે ત્યારે આવી સોસાયટીઓમાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને વીજળી જેવી મુળભૂત સુવિધાઓ પુરી પાડવા માટે

FILMY ગપશપ

હવે 'સિંઘમ ૩', 'પુષ્પા ૨' જેવી બિગ બજેટ ફિલ્મો પર નજર

કલ્કિ: ૨૦૨૪ની પહેલી હિટ બાદ સિને જગતમાં રાહતની લાગણી

'કલ્કિ'ને તેનું ડબ્ડ હિન્દી વર્ઝન સારો રિસ્પોન્સ મેળવી રહ્યું છે

મુંબઈ, તા.૧૨

હિન્દી ફિલ્મ ઉદ્યોગ માટે 'કલ્કિ ૨૮૯૮ એડી' રાહતના સમાચાર લઈને આવી છે. ૨૦૨૪ના વર્ષ દરમિયાન પ્રથમ છ મહિનામાં 'બડે મિયાં છોટે મિયાં', 'મૈદાન' અને 'યોદ્ધા' જેવી બિગ બજેટ ફિલ્મો બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ હતી. હિન્દી ફિલ્મ જોવા થીયેટર સુધી જતા ઓડિયન્સમાં પણ ૩૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. અપવાદરૂપ, 'લાપતા લેડીઝ' (રૂ.૨૦ કરોડ) અને 'મુંજ્યા' (રૂ.૯૮ કરોડ)ને પ્રોફિટ મળ્યો હતો, પરંતુ સરેરાશ સ્થિતિ ચિંતાજનક હતી. 'કલ્કિ'ને આમ તો હિન્દી ફિલ્મ કહી શકાય નહીં, પરંતુ તેનું ડબ્ડ હિન્દી વર્ઝન સારો રિસ્પોન્સ મેળવી રહ્યું છે. આ ફિલ્મના કારણે જ બોક્સઓફિસ પર રાહતની સ્થિતિ આવી છે. અમિતાભ બચ્ચન, પ્રભાસ, કમલ હાસન અને દીપિકા પાદુકોણની આ ફિલ્મે ઉત્તર ભારતમાં રૂ.૩૦૦ કરોડનો બિઝનેસ કર્યો છે, જ્યારે તેનું પાન ઈન્ડિયા કલેક્શન રૂ.૯૦૦ કરોડને આંબી ગયું છે. ૨૦૨૪માં પ્રથમ છ મહિના દરમિયાન આવેલી ફિલ્મોનો રેકોર્ડ ખૂબ નિરાશાજનક રહ્યો છે. અજય દેવગનની 'મૈદાન' રૂ.૨૩૫ કરોડમાં બની હતી અને તેનું ગ્રોસ ઈન્ડિયા કલેક્શન માત્ર રૂ.૬૩ કરોડ હતું. 'બડે મિયાં છોટે મિયાં'નું બજેટ રૂ.૩૫૦ કરોડ હતું અને આ ફિલ્મે દેશમાં માત્ર રૂ.૧૧૦ કરોડની આવક મેળવી હતી. સિદ્ધાર્થ મલહોત્રાની એક્શન મૂવી યોદ્ધાનો ખર્ચ રૂ.૫૫ કરોડ હતો અને તેનું કલેક્શન રૂ.૪૨ કરોડ હતું. આમ, આ ફિલ્મો ખર્ચ જેટલી રકમ પણ સરભર કરી શકી ન હતી.અજય દેવગનની સુપરનેચરલહોરર 'શૈતાન'(રૂ.૧૪૭કરોડ)અને રાજકુમાર રાવની 'શ્રીકાંત' (રૂ.૪૭ કરોડ)નું પ્રદર્શન અન્ય ફિલ્મો કરતાં સારું હતું.

અપવાદરૂપ ફિલ્મ તરીકે રિતિક દીપિકાની 'ફાઈટર'નું નામ લઈ શકાય. રૂ.૨૫૦ કરોડની આ ફિલ્મે ગ્લોબલ બોક્સઓફિસ પર રૂ.૩૦૦ કરોડ મેળવ્યા હતા. તે જ રીતે શાહિદ કપૂર-કિતિ સેનનની 'તેરી બાતો મેં ઐસા ઊલઝા જિયા'નું બજેટ રૂ.૭૫ કરોડ હતું અને તેની ગ્લોબલ ગ્રોસ રૂ.૧૩૯ કરોડ હતી. યામી ગૌતમની 'આર્ટિકલ ૩૭૦' રૂ.૨૦ કરોડના બજેટમાં બની હતી અને તેનું ગ્રોસ રૂ.૧૦૫ કરોડ હતું. ફ્રૂને ભારતમાં રૂ.૯૬ કરોડ અને કાર્તિકની 'ચંદુ ચેમ્પિયન'ને રૂ.૭૩ કરોડ મળ્યા હતા. એક્ઝિટર્સનો બિઝનેસ ગત વર્ષની સરખામણીએ ૨૦થી૨૫ટકાઓછોહોવાનુંટ્રેડએનાલિસ્ટકોમલ નાહટા માને છે.

પિતાએ એકટિંગની ના પાડી તો ઘર છોડી દીધું : આવો છે વિજય વર્માનો પરિવાર

મુંબઈ, તા.૧૨

હૈદરાબાદનો રહેવાસી વિજય પોતાના પરિવારમાં સૌથી નાનો છે. બાળપણમાં પિતા-પુત્ર ખુબ જ નજીક હતા. વિજયના પિતા હૈદરાબાદમાં હેન્ડીક્રાફ્ટ-નો બિઝનેસ હતો અને પિતાની ઈચ્છા હતી કે, તેનો આ બિઝનેસ તેનો દિકરો વિજય સંભાળે પરંતુ વિજયનું સપનું કાંઈ અલગ જ હતુ. જ્યારે વિજય વર્માએ તેના પિતાને એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં સામેલ થવાની વાત કરી તો તેના પિતાએ આ વાતનો વિરોધ કર્યો હતો. એક રિપોર્ટમાં પણ તેમણે કહ્યું છે કે, જ્યારે તેના પિતાએ સપોર્ટ ન કર્યો તો તે ઘરથી ભાગી ગયો હતો.

૮ વર્ષ સુધી પિતા સાથે વાત પણ કરી ન હતી. ઁવિજય વર્મા નેગેટિવ પાત્રમાં હોય તો પણ ચાહકોને તેનું રોલ ખુબ પસંદ આવે છે. વિજય વર્માનો જન્મ ૨૯ માર્ચ ૧૯૮૬ના રોજ હૈદરાબાદ તેલંગાણામાં મારવાડી હિન્દુ પરિવારમાં થયો હતો. વિજય વર્માના પિતા હૈદરાબાદમાં હસ્તકલાનો વ્યવસાય ધકરતા હતા, તેના બે મોટા ભાઈ-બહેન છે, મનોજ વર્મા નામનો મોટો ભાઈ અને શોભા નામની મોટી બહેન.

વિજયે તેમના વતન હૈદરાબાદમાં થિયેટર કલાકાર તરીકે તેમની અભિનય યાત્રા શરૂ કરી હતી. FTIIમાં શિક્ષણ મેળવવા બે વર્ષ માટે પુણે જવાનું નક્કી કર્યું તે પહેલાં તેણે અનેક નાટકોમાં કામ કર્યું. અનુસ્નાતકનો અભ્યાસક્રમ પૂરો કર્યા પછી, તેણે અભિનયના કામની શોધમાં મુંબઈ શિફ્ટ થયો હતો.





જાહ્નવી કપૂરે તાજેતરમાં તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે. જે ખુબ વાયરલ થઈ રહી છે. જાહ્નવી કપૂર તેની બોલ્ડનેસ માટે ખૂબ જ ફેમસ છે. તે સોશિયલ મીડિયા પર એક પછી એક તસવીરો શેર કરતી રહે છે.અભિનેત્રીએ તેના ઈન્સ્ટા પર ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે.તસવીરોમાં અભિનેત્રી ચણિયા ચોલીમાં જોવા મળી રહી છે.

સોઢી ઉર્ફે ગુરુચરણે ગાયબ થવા પર ખુલાસો કર્યો

'આધ્યાત્મિક યાત્રાએ ગયો હતો, પબ્લિસિટી સ્ટન્ટ ન હતો કર્યો'

મુંબઈ, તા.૧૨

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં રોશનસિંઘ સોઢીના રોલથી જાણીતો થયેલો દિલ્હીનો ગુરુચરણ સિંઘ ૨૨ એપ્રિલે દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યો પછી અચાનક ગાયબ થઈ ગયો હતો. ત્યાર બાદ લગભગ એક મહિને તે જાતે જ પાછો ફર્યો હતો. હવે તે ઘણા લાંબા સમય પછી દિલ્હીથી મુંબઈ આવ્યો છે. આ દરમિયાન તેના ગાયબ થવા વિશે અનેક અહેવાલો અને અફવાઓ ફરતાં થયાં હતાં. તેણે અંતે આ ઘટના અંગે મૌન તોડ્યું છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં ગુરુચરણ સિંઘે ખુલાસો કર્યો છે કે આ કોઈ પબ્લિસિટી સ્ટંટ નહોતો પણ તે એક આધ્યાત્મિક યાત્રાએ ગયો હતો.

ગુરુચરણ સિંઘે કહ્યું,"હું મારા માતાપિતાને કારણે હંમેશા આધ્યાત્મિક રહ્યો છું એમાં પણ ખાસ કરીને હાલ જ્યારે હું જીવનમાં નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છું તો હું ઈશ્વર તરફ વળ્યો. હું આધ્યાત્મિક સફરે જતો રહ્યો હતો અને મારો પાછા આવવાનો કોઈ વિચાર નહોતો. પરંતુ ઈશ્વરે મને સંકેત આપ્યો અને મેં ઘરે પાછા ફરવાનો નિર્ણય કર્યો. ઘણા લોકોને લાગે છે કે મેં પબ્લિસિટી માટે ગાયબ થવાનો પ્લાન કર્યો, પણ એ

સાચું નથી. જો મારે પબ્લિસિટી જ જોઈતી હોત તો મેં 'તારક મહેતા'માં મારા બાકી નીકળતાં ચૂકવણા વિશે ઈન્ટર્વ્યુ આપ્યા હોત. મેં તેના માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હોત, રપરંતુ મેં એવું કર્યું નહીં. ઘરે પાછા આવ્યા પછી પણ મેં કોઈ ઈન્ટર્વ્યુ આપ્યા નથી. હવે હું બોલું છું કારણ કે લોકો મારા માટે જે પ્રકારની વાતો કરે છે, તેમાં અમુક સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે." ગુરુચરણે કહ્યું,"હું પાછો આવી ગયો છું અને મારે ઘણા કામો કરવાના છે. મારે એક પછી એક ઘણી લોન અને ઉધારી પણ ચૂકવવાની છે. તે કામથી જ થઈ શકશે અને હું હવે મહેનત કરવા તૈયાર છું. મને હવે સમજાઈ ગયું છે કે હું મારું કામ અને જવાબદારીઓ પૂરી કરતાં કરતાં પણ આધ્યાત્મિક સફર જાળવી રાખી શકું છું."

કિયારા-સિદ્ધાર્થે લંડનમાં વિમ્બલ્ડન મેચ માણી

ટેનિસની રમતમાં હું હજુ નવી છું, પણ સિદ્ધાર્થે વિમ્બલ્ડનમાં રસ લેતી કરી

મુંબઈ, તા.૧૨

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ લંડન ખાતે વિમ્બલ્ડન ક્વાર્ટર ફાઈનલ મૅચ માણી હતી. તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. ત્યારે એક સ્પોર્ટ્સ ચેનલ સાથેના ઈન્ટરવ્યૂમાં તેમણે ઈન્ડિયન ક્રિકેટ ટીમ માટે આ વર્ષ કેટલું સારું રહ્યું તેની અને ઈન્ડિયન વીમેન્સ ટીમની આવનારી ટુર્નામેન્ટમાં સફળતા વિશે પણ વાત કરી હતી. વિમ્બલ્ડનમાં આવવા વિશે કિયારાએ કહ્યું,"અહીં આવવું એ પ્રતિષ્ઠાની વાત છે. મારા હસબન્ડે મને કહ્યું હોવાથી અમે મૅચ જોવા માટે અહીં આવી રહ્યાં છીએ, તેણે કહ્યું કે આપણે આવવું જ જોઈએ કારણ કે આવી તક જીવનમાં ક્યારેક જ મળે. હું હજુ આ રમતમાં નવી છું. મને ટેનિસમાં નવો નવો રસ પડતો થયો છે અને ઉત્સાહી છું, તે સિડને આભારી છે." આ અંગે સિદ્ધાર્થે કહ્યું, "એણે મને ઘણો સહકાર આપ્યો છે અને આ મૅચ લાઈવ જોવા જવામાં તે મારી પાર્ટનર ઈન ક્રાઈમ છે. અમે બંને બહુ ઉત્સાહીત છીએ, હું હંમેશા એ ટીવી પર લાઈવ જોતો અને મને થયું કે આખરે આપણે અહીં આવી ગયા." કિયારાએ કોર્ડિનેટેડ કપડાંમાં બંનેની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી અને લખ્યું હતું,

"મારે ઈમાનદારીથી કહેવુ જોઈએ કે મારા હસબન્ડ દ્વારા તાજેતરમાં જ મને ટેનિસનો પરિચય કરાવાયો છે અને આ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ અનુભવ રહ્યો છે." આ મૅચ વખતે કિયારા અને સિદ્ધાર્થ બંને અતિ સ્ટાઈલિશ લાગતાં હતાં. તેમની કલર સ્કીમ લોકોને ઘણી પસંદ પડી હતી. પરંતુ આ પહેલી વખત નથી. સિદ્ધાર્થ અને કિયારાનું કલર અને ડ્રેસ કોઓર્ડિનેશન તેમના ફૅન્સને હંમેશા પસંદ પડ્યું છે. જેમકે લગ્ન પછીની તેમની પહેલી દિવળીએ બંનેએ આઈવરી રંગના ટ્રેડિશનલ કપડાં પહેર્યા હતાં, સિદ્ધાર્થે આઈવરી કૂર્તો અને કિયારાએ આઈવરી ચુડીદાર સૂટ પહેર્યું હતું. તો પહેલી કરવા ચોથમાં પણ બંનેએ મેચિંગ મરુન ટ્રેડિશનલ કૂર્તો અને સલવાર સૂટ પહેર્યા હતાં.

'બયાન'માં ચંદ્રચૂડ સિંહ સાથે જોડી જમાવશે : હુમા કુરેશીએ તંત્રની બદી સામે મોરચો માંડ્યો

મુંબઈ, તા.૧૨

હુમા કુરેશીએ પોતાની નવી ફિલ્મની જાહેરાત કરી છે, જેનું નામ 'બયાન' છે. આ એક પોલીસ ઈન્વેસ્ટિગેશન આધારિત ફિલ્મ હશે, જેમાં હુમા લીડ રોલમાં જોવા મળશે. એવોર્ડ વિજેતા પ્રોડ્યુસર શિલાદિત્ય બોરા આ ફિલ્મ પ્રોડયુસ કરશે. ચૌરંગા ફિલ્મ માટે જાણીતા ડિરેક્ટર બિકાસ મિશ્રાની આ ફિલ્મ લોસ એન્જેલસમાં ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટ દ્વારા ડેવલપ કરવામાં આવી છે. હુમા કુરેશીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મ અંગે જાહેરાત કરી હતી. તેણે લખ્યું,"હું જે ફિલ્મ વિશે ઉત્સાહમાં છું એવી લોસ એન્જેલસના ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટ દ્વારા ડેવલપ થયેલી ફિલ્મ 'બયાન'નું શૂટિંગ શરૂ થવા જઈ રહ્યું છે. આ એક રેર કોમ્બિનેશન છે એક જોરદાર સ્ક્રિપ્ટ, ટૅલેન્ટેડ ક્રૂ અને કામ માટે તેમનું સંપૂર્ણ ડેડિકેશન. એકબીજાને કામ કરવા પ્રેરે તેવી ઊર્જા, બિકાસ મિશ્રા દ્વારા ડિરેક્ટ થઈ અને શિલાદિત્ય બોરા, મધુ શર્મા, કુલાન કુમાર અંશુમન સિંઘ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે." હુમાએ આગળ લખ્યું છે,"આ ફિલ્મને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ રોટેરડામના હ્યુબર્ટ બોલ્સ ફંડનો સહકાર મળ્યો છે, તેમજ લોસ એન્જેલસના ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટના ગ્લોબલ મીડિયા મેકર્સ પ્રોગ્રામ ખાતે તે ડેવલપ કરવામાં આવી છે. રેસિડન્સી કોર્ષ દરમિયાન બિકાસને ક્રેગ મેઝિન દ્વારા તાલીમ આપવામાં આવી હતી અને લેખક જેફ સ્ટોકવેલ તેમજ એડિટર રુથ એચકિન્સન દ્વારા તેને સૂચનો કરવામાં આવ્યા છે." આ ફિલ્મમાં રાજસ્થાનના સુંદર દૃશ્યોમાં આકાર લેતી એક પિતા પુત્રીની કથા રજૂ કરાશે. જેમાં એક મહિલા ડિટેક્ટિવ રુહી તેના જીવનના પહેલા કેસ માટે રાજસ્થાન જાય છે.

વિક્રાંત મેસ્સીની ફિલ્મના ડાયરેક્ટર જ બદલાઈ ગયા

મુંબઈ, તા.૧૨

વિક્રાંત મેસ્સીની ગોધરા કાંડની ઘટનાઓ પર આધારિત ફિલ્મ 'સાબરમતી એક્સપ્રેસ' મે મહિનામાં રિલીઝ થવાની હતી, તેના બદલે હવે તેની સામે દરરોજ નવું વિઘ્ન આવી રહ્યું છે.

પહેલાં મોટી ફિલ્મો સાથે ક્લેશ ટાળવા માટે રિલીઝ પોસ્ટપોન કરવાની વાત આવી. ત્યાર બાદ સેન્સર બોર્ડની દખલગિરીને કારણે ફિલ્મના કેટલાંક સંવેદનશીલ દૃશ્યો ફરી શૂટ કરવાને કારણે ફિલ્મ પોસ્ટપોન થઈ હોવાનું બહાર આવ્યું અને હવે નવો પડકાર સામે આવ્યો છે. આ ફિલ્મની પ્રોડ્યુસર એકતા કપૂરને ફિલ્મના ડિરેક્ટર રંજન ચંદેલ સાથે મતભેદ થવાથી તેણે આ ફિલ્મનું ડિરેક્શન તુષાર હિરાનંદાની નામના ડિરેક્ટરને સોંપી દીધું છે.

એકતા કપૂર અને ચંદેલ વચ્ચે સર્જનાત્મક વિચારભેદ ચાલતો હતો. પ્રોડ્યુસર દ્વારા સૂચવવામાં આવેલા નવા દૃશ્યો અને ફિલ્મના ફરી શૂટિંગ બાબતે ચંદેલનો મત પ્રોડ્યુસરથી અલગ હતો.

SPORTS કોર્નર

ગંભીરના કોચ બનતાની સાથે જ કેકેઆરના ૩ ખેલાડીની ટીમમાં વાપસી થશે !

મુંબઇ,તા.૧૨

ઝિમ્બાબ્વે પ્રવાસ બાદ ટીમ ઈન્ડિયા શ્રીલંકાના પ્રવાસે જવાની છે. ભારતને અહીં ત્રણ મેચની ટી ૨૦ અને વનડે સિરીઝ રમવાની છે. આ પ્રવાસ સાથે ટીમ ઈન્ડિયામાં ગૌતમ ગંભીરનો યુગ શરૂ થશે. કોચ તરીકે આ તેમનો પ્રથમ પ્રવાસ હશે. આવી સ્થિતિમાં તેમને કોચ તરીકે નિયુક્ત કર્યા બાદ કેકેઆરના ત્રણ ખેલાડીઓ આ પ્રવાસ પર વાપસી કરી શકે છે.

ગૌતમ ગંભીરને કોચ બનાવ્યા બાદ શ્રેયસ ઐયર પણ ટીમમાં વાપસી કરી શકે છે. તે લાંબા સમયથી પીઠની ઈજાથી પીડાઈ રહ્યો હતો. આ વખતે તેણે આઈપીએલમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે.આઈપીએલમાં તેણે ૩૯.૦૦ની એવરેજથી ૩૫૦ રન બનાવ્યા છે. આ સિવાય તેની કેપ્ટન્સીમાં ટીમ આઈપીએલનો ખિતાબ પણ જીતી ચૂકી છે.

શિવમ દુબે અત્યાર સુધી ટીમ ઈન્ડિયામાં કંઈ ખાસ કરી શક્યો નથી. આવી સ્થિતિમાં ગૌતમ ગંભીર દુબેના સ્થાને વેંકટેશ ઐયરને અજમાવી શકે છે. આ વખતે તેણે આઈપીએલમાં ખૂબ જ જોરદાર પ્રદર્શન કર્યું હતું.

તેણે ૪૬.૨૫ની એવરેજથી ૩૭૦ રન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૫૭થી વધુ હતો. જરૂર પડ્યે તે બોલિંગ પણ કરી શકે છે. આવી સ્થિતિમાં તે શ્રીલંકા પ્રવાસ પર ટીમ ઈન્ડિયામાં પણ વાપસી કરી શકે છે.

જસપ્રીત બુમરાહને શ્રીલંકા પ્રવાસ માટે આરામ આપવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડિયા તેના સ્થાને હર્ષિત રાણાને તક આપી શકે છે. હર્ષિત રાણાએ આઈપીએલમાં નવા બોલ સાથે સારી બોલિંગ કરી હતી. આ સિવાય તેણે ડેથ ઓવરો માં પણ પોતાની બોલિંગથી બધાને પ્રભાવિત કર્યા હતા. આ વખતે તેણે આઈપીએલમાં ૧૯ વિકેટ લીધી હતી. આવી સ્થિતિમાં ગંભીર તેને પણ ટીમમાં સામેલ કરી શકે છે.

ગૌતમ ગંભીર સામે હેડ કોચ બનતા જ અનેક પડકારો ઊભા

મુંબઇ,તા.૧૨

ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર ગૌતમ ગંભીર હવે ટીમ ઈન્ડિયાના નવા હેડ કોચ બની ગયા છે. શ્રીલંકા વિરુદ્ધ તેઓ પહેલીવાર ભારતીય ટીમ સાથે જોવા મળશે. ગંભીર સામે હેડ કોચ બનતા જ અનેક પડકારો ઊભા થશે. એવું કહેવાય છે કે ગંભીરની સાથે જ સપોર્ટિંગ સ્ટાફની પણ કવાયત શરૂ થઈ ગઈ છે. આસિસ્ટન્ટ કોચ તરીકે અભિષેક નાયર અને ફિલ્ડિંગ કોચ તરીકે દક્ષિણ આફ્રીકાના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને દુનિયાના ઉત્કૃષ્ટ ફિલ્ડરમાંથી એક એવા જોન્ટી રોડ્સનું નામ ચર્ચામાં છે. પરંતુ હવે જે સમાચાર સામે આવી રહ્યા છે તેનાથી ગૌતમ ગંભીરને ઝટકો મળી શકે છે.

વાત જાણે એમ છે કે એક રિપોર્ટ સામે આવ્યો છે કે ગૌતમ ગંભીર જોન્ટી રોડ્સને ફિલ્ડિંગ કોચ તરીકે પોતાની સાથે જોવા માંગે છે પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ તેમની પસંદને ફગાવી દીધી છે. સામાન્ય રીતે બોર્ડ તરફથી મુખ્ય કોચને પોતાના સહયોગી સ્ટાફની પસંદગી માટે છૂટ અપાતી હોય છે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક રિપોર્ટ મુજબ ગૌતમ ગંભીરની જોન્ટી રોડ્સવાળી પસંદ ફગાવી દેવાઈ છે. એવું કહેવાય છે કે ટી દિલીપ ટીમ ઈન્ડિયાના ફિલ્ડિંગ કોચ રહી શકે છે. આ અગાઉ ગૌતમ ગંભીરે આર વિનયકુમારને બોલિંગ કોચ બનાવવા માટે પોતાનો રસ દેખાડ્યો હતો પરંતુ કહેવાય છે કે આ માંગણી પણ ફગાવી દેવાઈ છે. એટલે કે ગંભીરને ટીમ ઈન્ડિયાના હેડ કોચ બન્યા બાદ એક સાથે બે ઝટકા મળતા જોવા મળી રહ્યા છે.

જોન્ટી રોડ્સ મામલે એ વાત સામે આવી છે કે બીસીસીઆઈ પોતાના સપોર્ટ સ્ટાફમાં કોઈ વિદેશી દિગ્ગજને રાખવામાં રસ ધરાવતું નથી. છેલ્લા સાત વર્ષથી બીસીસીઆઈએ સંપૂર્ણ રીતે ભારતીય સપોર્ટ સ્ટાફ સાથે કામ કર્યું છે. આવામાં બીસીસીઆઈ તેમાં કોઈ ફેરફાર જોવા માંગતું નથી. એચટીના રિપોર્ટ મુજબ જોન્ટી રોડ્સના નામ પર ચર્ચા થઈ હતી પરંતુ બોર્ડ ફક્ત ભારતીય સ્ટાફને રાખવામાં રસ દેખાડ્યો છે. ટી દિલીપ માટે બીસીસીઆઈએ પોતાના દરવાજા ખુલ્લા રાખ્યા છે. ટી દીલિપના કાર્યકાળમાં ભારતીય ટીમે સારું પરફોર્મન્સ આપ્યું છે. તે બીસીસીઆઈની પસંદ બનેલા છે. નોંધનીય છે કે રાહુલ દ્રવિડની જેમ ભારતના બેટિંગ કોચ વિક્રમ રાઠોડ, બોલિંગ કોચ પારસ મ્હામ્બ્રે અને ફિલ્ડિંગ કોચ ટી દીલિપનો કાર્યકાળ પણ ટી૨૦ વર્લ્ડ કપ બાદ પૂરો થઈ ગયો છે. તેમની જગ્યાએ નવા સ્ટાફની શોધ કરવામાં આવશે. ગૌતમ ગંભીર જોન્ટી રોડ્સને ફિલ્ડિંગ કોચ તરીકે પોતાની સાથે જોવા માંગે છે પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ તેમની પસંદને ફગાવી દીધી છે. સામાન્ય રીતે બોર્ડ તરફથી મુખ્ય કોચને પોતાના સહયોગી સ્ટાફની પસંદગી માટે છૂટ અપાતી હોય છે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક રિપોર્ટ મુજબ ગૌતમ ગંભીરની જોન્ટી રોડ્સવાળી પસંદ ફગાવી દેવાઈ છે. એવું કહેવાય છે કે ટી દિલીપ ટીમ ઈન્ડિયાના ફિલ્ડિંગ કોચ રહી શકે છે. આ અગાઉ ગૌતમ ગંભીરે આર વિનયકુમારને બોલિંગ કોચ બનાવવા માટે પોતાનો રસ દેખાડ્યો હતો પરંતુ કહેવાય છે કે આ માંગણી પણ ફગાવી દેવાઈ છે. એચટીના રિપોર્ટ મુજબ જોન્ટી રોડ્સના નામ પર ચર્ચા થઈ હતી પરંતુ બોર્ડ ફક્ત ભારતીય સ્ટાફને રાખવામાં રસ દેખાડ્યો છે.

જેમ્સ એન્ડરસનને જીત સાથે ક્રિકેટના મેદાન પરથી વિદાય લીધી

લોર્ડ્સ, તા.૧૨

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૭૦૦ વિકેટ લેનાર એકમાત્ર ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને જીત સાથે કાયમ માટે ક્રિકેટના મેદાન પરથી વિદાય લઈ લીધી છે. ઈંગ્લેન્ડે તેના સ્ટાર ફાસ્ટ બોલરના રિટાયરમેન્ટ ને યાદગાર બનાવ્યું હતું. લંડનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝને એક દાવ અને ૧૧૪ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે ઈંગ્લેન્ડની ટીમ ૩ મેચની શ્રેણીમાં ૧-૦થી આગળ થઈ ગઈ છે.

જેમ્સ એન્ડરસને ૨૧ વર્ષ સુધી ક્રિકેટ રમીને, ૧૮૮ મેચ બાદ પોતાની ટેસ્ટ કારકિર્દીને અલવિદા કહી દીધું છે. જેમ્સ એન્ડરસન એકમાત્ર એવો ફાસ્ટબોલર છે જેણે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૪ વિકેટ લીધી હોય. ઈંગ્લેન્ડે ત્રીજા દિવસે જ તેની ફેરવેલ ટેસ્ટ મેચ જીતી લીધી હતી. જીમીએ તેની છેલ્લી ટેસ્ટ મેચમાં કુલ ૪ વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં ૧ વિકેટ લેનાર એન્ડરસને બીજી ઈનિંગમાં ૩ વિકેટ ઝડપી હતી.

ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોમાં જેમ્સ એન્ડરસન હવે ત્રીજા સ્થાને છે. જો કે તેની પાસે આ લિસ્ટ માં બીજા ક્રમે આવવાની પણ તક હતી. પણ તે ઈચ્છા પુરી થઈ શકી નહોતી અને તેણે આ સ્વીકાર સાથે હસતાં હસતાં મેદાનમાંથી વિદાય લીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં વિકેટ લેવાના મામલે શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી મુથૈયા મુરલીધરન ૮૦૦ વિકેટ સાથે પ્રથમ ક્રમે છે. જ્યારે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન લેગ સ્પિનર શેન વોર્ન ૭૦૮ વિકેટ સાથે બીજા ક્રમે છે.

એન્ડરસન ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારો ફાસ્ટ બોલર છે. તેની છેલ્લી મેચને ખાસ બનાવતા ત્રીજા દિવસે એન્ડરસન મેદાન પર આવે તે પહેલા બંને ટીમના ખેલાડીઓએ તેને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. આ દરમિયાન તે એકદમ ભાવુક દેખાઈ રહ્યો હતો. એન્ડરસનનો પરિવાર પણ આ સમયે મેદાનમાં હાજર હતો.

ઈંગ્લેન્ડે લોર્ડ્સ ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ઓપનર જેક ક્રોલી, ઓલી પોપ, જો રૂટ, હેરી બ્રુક અને જેમી સ્મિથની અડધી સદીની મદદથી ૩૭૧ રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની પ્રથમ ઈનિંગ ૧૨૧ રનમાં સમેટાઈ ગઈ હતી. ઈંગ્લેન્ડને પ્રથમ દાવમાં ૨૫૦ રનની લીડ મળી હતી. યજમાન ટીમે બીજા દાવમાં બેટિંગ કરવાને બદલે વિન્ડીઝને ફરી બેટિંગનું આમંત્રણ આપી એક ઈનિંગ અને ૧૪૧ રને મેચ જીતી લીધી હતી.

અંજાર કોર્ટનો ધાક બેસાડતો ચુકાદોઃ ૨૦૧૯ માં નવ વર્ષીય બાળકીને ફોસલાવી નિર્જન સ્થળે લઈ જઈ કૃત્ય આચર્યું હતું

અંજારમાં બાળકી સાથે દુષ્કર્મ કરનારા નરાધમને ૧૦ વર્ષની કેદ

અંજાર તા.૧૨

પાંચેક વર્ષ અગાઉ ૨૦૧૯ માં એક શ્રમજીવી પરિવારની ૯ વર્ષીય કુમળી બાળકીને તારા પિતા બિમાર છે, તેવું કહી બાઈક પર નિર્જન સ્થળે લઈ જઈ દુષ્કર્મ આચરનાર નરાધમને અંજાર કોર્ટે કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની કેદની સજા ફટકારી રૂ.૬૦૦૦ નો દંડ ચુકવવાનો આદેશ કર્યો છે.

આ ધાક બેસાડતા ચુકાદાના કેસની વિગત એવી છે કે, અંજાર રેલ્વે ફાટક નજીક રહેતા શ્રમિક પરિવારની ગત તા. ૨૯/૦૯/૨૦૧૯ ના ભોગ બનેલી બાળકીને તેના દાદાએ બપારે નજીકમાં આવેલી દુકાનેથી દૂધ લઈ આવવા મોકલી હતી, તે દૂધ લઈ ઘેર પરત જઇ રહી હતી ત્યારે અહીં રહેતો મૂળ વાંકાનેર નો રાખ્શ મોહમંદ ઉર્ફે ફકીરમામદ હુશેન શા શેખ બાઈક લઈ ને પસાર થયો, તે આ બાળકીના પિતા લાંબા સમયથી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ છે તે જાણતો હોવાથી બાળકીને રોકી તારા પપ્પાની તબિયત સારી નથી, મારી સાથે હોસ્પિટલ ચાલ એવું કરી બાળકીને ફોસલાવી બાઈક પર બેસાડી રેલ્વે સ્ટેશન નજીક નિર્જન જગ્યાએ લઇ જઇ, બાળકીને નિર્વસ્ત્ર કરી દુષ્કર્મ આચર્યું હતું, ત્યાર બાદ કોઈને કહીશ તો મારી નાખીશ એવી ધમકી આપી ઘર નજીક રોડ પર ઉતારી નાશી ગયો હતો. બીજી તરફ આ બાળકી દૂધ લઈ ઘરે ન પહોંચતા, તેના પરિજનોએ શોધખોળ આદરી હતી, બાળકી મળી ત્યારે એકદમ ડરી ગયેલી હતી, ઘેર જઇ રડતાં રડતાં બાળકીએ પોતાની આપવીતી જણાવતાં તેનો પરિવાર સીધો બાળકીને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, આ બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ શખ્શની ધરપકડ કરી પુરતા પુરાવા સાથે તેની વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી ૧૨ જેટલા સાક્ષી તપાસવામાં આખ્યા હતા, તેમજ ૧૨ જેટલા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવ્યા હતા. આ ગુનામાં ગઈ કાલે અંજારના બિજા અધિક સેશન્સ અને સ્પે. પોક્સો કોટેના જજ કમલેશ કે. શુકલએ આરોપીને દુષ્કર્મની કલમ હેઠળ ૧૦ વર્ષની સાદી કેદની સજા તથા કુલ્લ રૂ. ૬૦૦૦ નો દંડ ફટકાર્યો હતો, અને દંડ ન ભરે તો વધુ કેદનો હુકમ આપ્યો હતો, તેમજ ભોગ બનનાર બાળકીને રૂ. બે લાખનું વળતર ચુકવવાનો પણ આદેશ કર્યો હતો, આ કેસમાં સરકાર તરફે મદદનીશ વકીલ આશિષકુમાર પી.પંડ્યાએ હાજર રહી ધારધાર દલીલો કરી હતી.

ઓમર અને ફારુક અબ્દુલ્લા ભારતમાં પાકિસ્તાનના રાજદૂત છે, ભાજપના નેતા

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે નેશનલ કોન્ફરન્સના નેતાઓ ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા પર આકરા પ્રહારો કર્યા છે. તરુણ ચુગે એક મોટું નિવેદન જારી કરીને કહ્યું કે ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા ભારતમાં પડોશી દેશ પાકિસ્તાનના રાજદૂત છે. તમને જણાવી દઈએ કે ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને જમ્મુ-કાશ્મીર માટે પાર્ટી પ્રભારી પણ બનાવ્યા છે. ચાલો જાણીએ તરુણ ચુગે આવું નિવેદન કેમ આપ્યું છે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે જમ્મુ અને કાશ્મીરમાં નોંધપાત્ર વિકાસ અને શાંતિને ન સ્વીકારવા અને પાકિસ્તાન સાથે સંબંધિત લાગણીઓ વ્યક્ત કરવા બદલ ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા પર નિશાન સાધ્યું છે. તમને જણાવી દઈએ કે બંને નેતા પૂર્વ મુખ્યમંત્રી છે. તરુણ ચુગે તો ત્યાં સુધી કહ્યું કે ઉમર અને ફારૂક ભારતમાં તે દેશના રાજદૂત છે.

જમ્મુ અને કાશ્મીર ભાજપના પ્રભારી તરુણ ચુગે કહ્યું કે ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા બંનેને ભારતમાં પાકિસ્તાનના રાજદૂત તરીકે



લેબલ લગાવવા જોઈએ. તેઓ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા અસાધારણ વિકાસ અને શાંતિને સ્વીકાર્યા વિના પાકિસ્તાનની 'ISI' સંબંધિત લાગણીઓ વ્યક્ત કરી રહ્યા છે.

તરુણ ચુગ અહીં જ ન અટક્યા અને ઓમર અને ફારુક અબ્દુલ્લા વિશે કહ્યું કે તેઓએ અમારા સશસ્ત્ર દળો પ્રત્યે કોઈ સન્માન દર્શાવ્યું નથી જેઓ આઈએસ આઈના એજન્ડાને નિષ્ફળ બનાવવા માટે અથાક મહેનત કરે છે, તેમણે કહ્યું, "જ્યારે પણ આઈએસઆઈ સમર્થિત આતંકવાદીઓ હુમલો કરે છે, ત્યારે અબ્દુલ્લા પરિવાર મોદીની ટીકા કરવા દોડી જાય છે

બેંગલુરુથી તિરુપતિ જઈ રહેલી બસને ટ્રકે ટક્કર મારી : ૯ના મોત

બેંગલુરુ, તા.૧૨

કોલાર નજીક શુક્રવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એક ટ્રકે મુસાફરોથી ભરેલી બસને ટક્કર મારી હતી. આ બસ મુસાફરો સાથે બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. હાલ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તેમજ રાહત અને બચાવ કાર્ય કરવામાં આવી રહ્યું છે. પોલીસની ટીમ ઘાયલોને હોસ્પિટલ લઈ જવાની કામગીરી કરી હતી. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ માર્ગ અકસ્માત કોલાર નજીક નરસાપુરમાં થયો હતો. બસ બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. અકસ્માત બાદનો ઘટનાનો વીડિયો પણ પ્રકાશમાં આવ્યો છે, વીડિયોમાં બસ ક્ષતિગ્રસ્ત હાલતમાં જોઈ શકાય છે. તે સ્થળ

પર ટ્રક પણ દેખાય છે. પેસેન્જર બસના ફુરચા ઊડી ગયા છે અને રસ્તા પર પડ્યા જોવા મળી રહ્યા છે. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર, ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે આ અકસ્માત થયો હતો. ઘટના બાદ સ્થાનિક પોલીસને અકસ્માતની માહિતી આપવામાં આવી હતી, ત્યારબાદ પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતને કારણે લાંબા સમય સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો, ત્યાર બાદ પોલીસ દ્વારા ટ્રાફિક દૂર કરી રસ્તો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. તેમજ રાહત અને બચાવ કાર્ય કરવામાં આવી રહ્યું છે. પોલીસની ટીમ ઘાયલોને હોસ્પિટલ લઈ જવાની કામગીરી કરી રહી છે. કર્ણાટકમાં ૨૪ કલાકમાં આ બીજી મોટી દુર્ઘટના બની છે. ગુરુવારે પણ માંડ્યા જિલ્લાના નાગમંગલા તાલુકા માં શ્રીરામનહલ્લી ગેટ પાસે કાર અને કેન્ટર વાહન વચ્ચેની અથડામણ માં ત્રણ લોકોના મૃત્યુ થયા હતા. કાર હોલાલકેરેથી મૈસુર જઈ રહી હતી ત્યારે અકસ્માત થયો હતો.

રિટેલ મોંઘવારી જૂનમાં ચાર માસની ટોચે પહોંચી ગઈ

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં રિટેલ મોંઘવારીનો દર જૂનમાં ચાર માસની ટોચે પહોંચ્યો છે. જૂનમાં ખાદ્ય ચીજોના ભાવ આસમાને પહોંચતાં રિટેલ ફુગાવો ૫.૦૮ ટકા નોંધાયો છે. જે મેમાં ૪.૭૫ ટકા હતો. ઉલ્લેખનીય છે, ગત મહિને રિટેલ મોંઘવારી ૧૨ માસના તળિયે હતી. જે જૂનમાં અચાનક વધી છે.

શાકભાજી અને કઠોળના ભાવમાં ૭૦ ટકા સુધી ઉછાળાના કારણે ખાદ્ય ચીજોનો ફુગાવો જૂનમાં વધી ૯.૪ ટકા નોંધાયો છે. જે મેમાં ૮.૭ ટકા હતો. ખાદ્ય ચીજોનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ મેમાં ૧.૩૩ ટકા સામે વધી જૂનમાં ૩.૧૭ ટકા થયો છે.

ઉનાળામાં આકરી ગરમી તેમજ વાવાઝોડાની સ્થિતિમાં કમોસમી વરસાદની સ્થિતિમાં પાક ઉત્પાદન ઘટ્યા હતા. પરિણામે જૂનમાં શાકભાજી અને કઠોળ સહિત ખાદ્ય ચીજોના ભાવ અનેકગણા વધ્યા હતા. શાકભાજીનો મોંઘવારી દર ૨૯.૩ ટકા અને કઠોળમાં ફુગાવો ૧૬.૧ ટકા નોંધાયો હતો. કઠોળમાં મોંઘવારી સતત ૧૩ મહિનાથી ડબલ ડિજિટમાં નોંધાઈ રહી છે, જ્યારે શાકભાજીમાં ફુગાવો છેલ્લા આઠ મહિનાથી ડબલ ડિજિટમાં જોવા મળ્યો છે.

ફુગાવાના ઉંચા દર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો જાળવી રાખે તેવો સંકેત આપી રહ્યા છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે થોડા દિવસ પહેલાં જ વ્યાજદરો જાળવી રાખવાનો સંકેત આખ્યો હતો. આરબીઆઈએ જૂનમાં સતત આઠમી વખત રેપો રેટ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો હતો. આગામી મોનેટરી પોલિસીની બેઠક ૬ અને ૮ ઓગસ્ટે યોજાશે.

હજુ પણ કોરોનાના કારણે વિશ્વમાં દર અઠવાડિયે ૧૭૦૦નાં મોત થાય છે



નવીદિલ્હી,તા.૧૨

કોવિડ-૧૯નો ભયાનક તબક્કો પસાર થઈ ગયો છે. જો કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને એક આંકડો રજૂ કર્યો છે જે હજી પણ આપણને ડરાવવા માટે પૂરતો છે. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે કોવિડ -૧૯ના કારણે હજુ પણ વિશ્વભરમાં એક સપ્તાહમાં લગભગ ૧૭૦૦ લોકોના મોત થઈ રહ્યા છે. સંસ્થાએ લોકોને રસીકરણ ચાલુ રાખવા માટે પણ વિનંતી કરી છે. ડબ્લ્યુએચઓએના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે રસીકરણની અછતને ધ્યાનમાં રાખીને ચેતવણી આપી છે.

યુએન આરોગ્ય એજન્સીના વડાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સતત મૃત્યુ હોવા છતાં, ડેટા દર્શાવે છે કે આરોગ્ય કર્મચારીઓ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં રસી કરણમાં ઘટાડો થયો છે.તેમણે કહ્યું, ડબ્લ્યુએચઓ ભલામણ કરે છે કે સૌથી વધુ જોખમ ધરાવતા જૂથોમાંના લોકોને તેમના છેલ્લા ડોઝના ૧૨ મહિનાની અંદર કોવીડ-૧૯ રસી મળે. ડબ્લ્યુએચઓએ કોવિડને કારણે અત્યાર સુધીમાં૭૦ લાખથી વધુ મૃત્યુની જાણ કરી છે, જોકે કોવિડ રોગચાળાને કારણે મૃત્યુની વાસ્તવિક સંખ્યા ઘણી વધારે હોવાનું માનવામાં આવે છે. વધુમાં, કોવિડ-૧૯એ અર્થવ્યવસ્થાને બરબાદ કરી અને આરોગ્ય પ્રણાલીઓને લકવાગ્રસ્ત કરી દીધી. ડબ્લ્યુએચઓએ સરકારોને વાયરસની દેખરેખ જાળવવા તેમજ લોકોને ભરોસા પાત્ર પરીક્ષણો, સારવાર અને રસી ઉપલબ્ધ હોવાની ખાતરી કરાવવા વિનંતી કરી છે.

ચીન અમેરિકા પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે : તસવીરો સામે આવી

બીંજીગ,તા.૧૨

ચીન હવે અમેરિકાની સાથે સાથે નાટો દેશોના નિશાના પર આવી ગયું છે અને યુક્રેન યુદ્ધમાં મદદ કરવા બદલ નાટો દેશોએ રશિયાને સીધી ચેતવણી આપી છે. ૩૨-સભ્ય સુરક્ષા જોડાણ દ્વારા જાહેર કરાયેલ સંયુક્ત ઘોષણાપત્રમાં કિવ વિરૂદ્ધ મોસ્કોની આક્રમકતાને પ્રોત્સાહન આપવા માટે સીધી રીતે બેઈજિંગને દોષી ઠેરવવામાં આવ્યા છે. ગઠબંધનના રાજયોના વડાઓની વાર્ષિક બેઠક બાદ જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચીન તેના હિતો અને પ્રતિષ્ઠાને નકારાત્મક અસર કર્યા વિના યુરોપમાં હાલના ઈતિહાસમાં સૌથી મોટું યુદ્ધ કરાવી શકે તેમ નથી.

તેની પાછળનું એક મોટું કારણ એ પણ કહેવામાં આવી રહ્યું છે કે તાજેતરમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો દર્શાવે છે કે ચીની સેના શિનજિયાંગના રણમાં અમેરિકન ફાઈટર પ્લેન અને એરક્રાફ્ટ કેરિયર્સ પર હુમલાની પ્રેક્ટિસ કરી રહી છે. ગૂગલ અર્થ દ્વારા ૨૯ મેના રોજ લેવામાં આવેલી ફોટાઓમાં એરક્રાફ્ટ કેરિયરની પ્રતિકૃતિઓ અને અમેરિકન સ્ટીલ્થ ફાઈટર જેવા દેખાતા ૨૦થી વધુ જેટ દેખાય છે.

આ કવાયત પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા યુએસ નૌકા દળોના જોખમોને બેઅસર કરવા માટે તેની પોતાની લાંબા અંતરની બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલ સિસ્ટમ વિકસાવવાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. સેટેલાઈટ છબીઓ અલાસ્કા પર સિમ્યુલેટેડ હુમલો સૂચવે છે, જ્યાં મોટાભાગના એફ-૨૨ એરક્રાફ્ટ તૈનાત હતા. અલાસ્કા યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મિસાઈલ સંરક્ષણ પ્રણાલીનો આધાર પણ છે.

પીએલએ લાંબા સમયથી કહી રહ્યું છે કે તેની કવાયત કોઈ ચોક્કસ પક્ષને લક્ષ્યાંકિત કરતી નથી, પરંતુ સમય સમય પર તેની વિચારસરણીનો પર્દાફાશ થાય છે. ૨૦૧૫માં, પીએલએસૈનિકોતાઈવાનનારાષ્ટ્રપતિ કાર્યાલયની નજીકથી મળતી આવતી ઈમારતની નજીક સિમ્યુલેટેડ યુદ્ધમાં ભાગ લેતા ફૂટેજ પ્રસારિત કરવામાં આવ્યા હતા. આ કવાયત પીએલએને વિમાનવાહક જહાજો જેવા સમુદ્રમાં મોબાઈલ લક્ષ્યો પર હુમલો કરતી બેલિસ્ટિક મિસાઈલ જેવા સંજોગોમાં તેની ચોકસાઈ સુધારવામાં મદદ કરશે.

પીએલએનું શાનડોંગ એરક્રાફ્ટ કેરિયર પેસિફિક ક્ષેત્રમાં આયોજિત યુએસની આગેવાની હેઠળની મોટી નૌકા કવાયત વચ્ચે તાઈવાનના દક્ષિણ-પૂર્વ કિનારે પહોંચી ગયું છે.એરક્રાફ્ટ કેરિયરને બાશી ચેનલની પૂર્વમાં ત્રણ એસ્કોર્ટ્સ સાથે જોવામાં આવ્યું હતું, જે તાઈવાન અને ફિલિપાઈન્સને અલગ કરે છે. જાપાની કર્મચારીઓને જહાજો પર દેખરેખ રાખવા માટે મોકલવામાં આવ્યા હતા અને શેનડોંગની ફ્લાઈટ ડેક પરથી ટેક-ઓફ અને લેન્ડિંગની પ્રેક્ટિસ કરતા યુદ્ધ વિમાનો અને હેલિકોપ્ટર નો ફોટોગ્રાફ લેવામાં આવ્યા હતા. જહાજને ટાઈપ ૦૫૫ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર યાનઆન, ટાઈપ ૦૫૨ડી ડિસ્ટ્રોયર ગુઈલીન અને ટાઈપ ૦૫૪એ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ યુનચેંગ દ્વારા લઈ જવામાં આવે છે.

યુ.એસ. સાથેની કવાયતમાં ભાગ લેનારા દેશોમાં જાપાન, ફિલિપાઈન્સ, મલેશિયા, બ્રુનેઈ અને ભારતનો સમાવેશ થાય છે, જે તમામના દક્ષિણ ચીન સમુદ્ર સહિત ચીન સાથેના પોતાના દરિયાઈ અથવા પ્રાદેશિક વિવાદો છે. યુએસએ કહ્યું છે કે કવાયતનો ઉદ્દેશ્ય તમામ ક્ષેત્રો અને સંઘર્ષના સ્તરોમાં મોટી શક્તિઓ દ્વારા આક્રમણને અટકાવવા અને તેને હરાવવાનો છે અને તેની મુખ્ય વિશેષતાઓમાંની એક ૪૦,૦૦૦ ટનના નિવૃત્ત યુએસ જહાજને ડુબવાનો પ્રયાસ હશે. ઈન્ડો-પેસિફિકમાં અમેરિકા સિવાય માત્ર ચીન પાસે જ આવા યુદ્ધ જહાજો છે.

ગાંધીનગર GIFT સિટીમાં ડૉલર-પાઉન્ડમાં બેંક ખાતું ખોલાવી શકાશે

ગાંધીનગર, તા.૧૨

દેશના નાગરિકો હવે વિદેશી હુંડિયામણ અર્થાત ડૉલર – પાઉન્ડમાં પણ બેંક ખાતું ખોલી શકશે. વિદેશી વીમો પણ લઈ શકશે. આ પગલાંથી વિદેશી હુંડિયામણમાં કામગીરી કરવા માગતા લોકોની મુશ્કેલીનો અંત આવી શકે છે. આ સુવિધા હાલ માત્ર ગુજરાત માં GIFT સિટીમાં કાર્યરત નાણાકીય સંસ્થાઓ – બેંકોમાં જ ઉપલબ્ધ થશે.

અહેલાલ મુજબ, દેશની મધ્યસ્થ બેંક ભારતીય રિઝર્વ બેંકે (RBI) આંતર રાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો અર્થાત IFSC માટે તેના રેમિટન્સના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો છે. આ સુવિધા લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ અર્થાત LRS હેઠળ હશે. આ ફેરફારને કારણે દેશમાં રહેતા ભારતીયોને ગુજરાતના ગિફ્ટ સિટીમાં વિદેશી ચલણમાં ખાતાં ખોલવાની મંજૂરી મળશે.

આ ઉપરાંત રિઝર્વ બેંકે અન્ય કોઈપણ વિદેશી અધિકારક્ષેત્રોમાં તમામ વર્તમાન અથવા મૂડી ખાતાંના વ્યવહારોને પણ મંજૂરી આપી છે. આ સિસ્ટમને કારણે ચલણોની ઊથલપાથલ સામે વધારાનું રક્ષણ પૂરું પાડે છે અને વૈશ્વિક અનામત ચલણ અર્થાત યુએસ ડૉલર મેળવવાનું સરળ બનાવશે. ગિફ્ટ સિટીના MD અને ગ્રુપ CEO, તપન રેએ જારી કરેલા એક નિવેદનમાં આ નિર્ણયને આવકાર્યો હતો. તેમણે કહ્યું કે, "અમે GIFT IFSC ખાતે ભારતીય રિઝર્વ બેંકના તાજેતરના પરિપત્રને લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS)ના વિસ્તારને આવકારીએ છીએ. આ નિર્ણાયક પગલું GIFT IFSC ને અન્ય વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સાથે જોડાણની તક આપે છે, તેને પરિણામે ભારતીય રોકાણકારોને વિદેશી મૂડીરોકાણો અને ખર્ચની વ્યાપક સુવિધા માટે અમારા પ્લેટફોર્મનો લાભ લેવાની તક

આ પગલાંથી વિદેશી હુંડિયામણમાં કામગીરી કરવા માગતા લોકોની મુશ્કેલીનો અંત આવી શકે છે

મળશે." તેમણે ઉમેર્યું કે, "મૂડીરોકાણો માટે LRS ના ઉપયોગની સ્પષ્ટતા કરીને તથા વિદેશી ચલણમાં વીમા અને શિક્ષણ લોન ચૂકવણી જેવા વ્યવહારોને મંજૂપી કરીને RBI એ GIFT IFSC ની સ્વીકાર્યતા અને ઉપયોગિતામાં નોંધપાત્ર વધારો કર્યો છે. અમે આ પ્રગતિશીલ પગલાં માટે આરબીઆઈનો આભાર માનીએ છીએ જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના હબ તરીકે GIFT IFSC ની ભૂમિકાને પ્રોત્સાહન આપશે. આ સુવિધાને કારણે સંભવિત ગ્રાહકો ૧૨ મહિનાના ગાળામાં ૨,૫૦,૦૦૦ ડૉલર સુધીની રકમ મોકલી શકશે. આ વ્યવસ્થા શરૂ થવાથી ઘણા લોકોને મોટી રાહત થશે કારણ કે અગાઉ LRS ને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રોમાં રોકાણ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

સોનું માત્ર સોનું... રેલવે મુસાફરની સૂટકેસ ખોલતાં જ સૌ ચોંકી ગયા

તમિલનાડુ, તા.૧૨

તપાસમાં જાણવા મળ્યું છે કે લક્ષ્મણને આ વસ્તુઓને મદુરાઈમાં વહેંચવા માટે ગેરકાયદેસર રીતે ટ્રેન દ્વારા પરિવહન કર્યુ હતું. જપ્ત કરાયેલી રોકડ અને સોનું વધુ તપાસ માટે આવકવેરા વિભાગને સોંપવામાં આવ્યું હતું. તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં એક ટ્રેન પેસેન્જર પાસેથી સોનાના દાગીના અને મોટી રકમની રોકડ મળી આવી છે. રેલવે પ્રોટેક્શન ફોર્સે મુસાફર પાસેથી રૂ. ૧.૮૯ કરોડના સોનાના દાગીના અને રૂ. ૧૫ લાખની રોકડ જપ્ત કરી છે. 'ઓપરેશન વિજિલન્ટ' અંતર્ગત પ્રતિબંધિત વસ્તુઓની ગેરકાયદેસર હેરફેર અને મુસાફરોના સામાનની ચોરી જેવા ગુનાઓ સામે નિયમિત તપાસ ચલાવતી આરપીએફની ટીમે બુધવારે શંકાના આધારે એક મુસાફરની અટકાયત કરી હતી.જ્યારે અધિકારીઓએ તેના ખભા પર લટકેલી કાળી બેગની તપાસ કરી, ત્યારે તેમને તેની અંદર બીજી બેગ મળી, જેમાં ૧૫ લાખ રૂપિયા રોકડા અને ૨૭૯૬ ગ્રામ સોનાના દાગીના હતા, જેની કિંમત આશરે ૧.૮૯ કરોડ રૂપિયા હતી.

સુનિતા વિલિયમ્સે સ્પેસમાંથી પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી

નવીદિલ્હી, તા.૧૨

અંતરિક્ષમાં ફસાયેલી ગુજરાત ની દીકરી સુનિતા વિલિયમ્સ અંગે સારા સમાચાર સામે આવ્યા. બૂચ વિલ્મર અને સુનિતા વિલિયમ્સે સ્પેસ માંથી પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી કે તેમને અંતરિક્ષમાં કોઈ સમસ્યા નથી અને બહુ ઝડપથી તેઓ પૃથ્વી પર પાછા આવશે. નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મરને સ્પેસ સ્ટેશન પર ગયા તેને ૩૬ દિવસ થઈ ગયા છે. તે પહેલીવાર બોઈંગ કંપનીની સ્ટારલાઈનર સ્પેસશીપથી ગયા. તે એક ટ્રાયલ ઉડાન હતી જે સફળ પણ રહી હતી. કેમ કે સ્પેસ સ્ટેશનમાં તેઓ પહોંચી ગયા હતા. પરંતુ સ્ટારલાઈનર કેપ્સુલમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી. જેના વિશે નાસા અને બોઈંગને તમામ માહિતી હતી. બુધવારે સુનીતા અને બુચ વિલ્મરે સ્પેસ સ્ટેશનથી પત્રકારો સાથે વાત કરી. જેમાં તેમણે

જણાવ્યું કે કેવું લાગે છે તે જાણીને તે તમારા સ્પેસક્રાફ્ટમાં ગરબડ છે? સુનિતા વિલિયમ્સે કહ્યું કે મને મારા દિલમાં ખૂબ જ સારું ફિલિંગ થઈ રહ્યું છે કે અવકાશયાન અમને ઘરે પરત પહોંચાડશે, અમને કોઈ સમસ્યા નથી. બુચ વિલ્મરે કહ્યું કે લોન્ચ તો શાનદાર હતું. અમે બંને સીટ પર બેઠા હતા. કેપ્સુલે ગર્જના સાથે વાયુમંડળમાં પ્રવેશ કર્યો. અમે માઈક્રોગ્રેવિટી નો અનુભવ કરી રહ્યા હતા. બંને અવકાશયાત્રીની યાત્રા માત્ર ૮ દિવસની હતી પરંતુ હવે તેની ઉપર બીજા ૨૮ દિવસ વીતી ગયા છ.

રાજસ્થાનની પ્રાઈવેટ યુનિવર્સિટીએ ૪૩ હજાર ફેક ડિગ્રીઓ ઈશ્યૂ કરી

જયપુર, તા.૧૨

અત્યારે જ્યાં જુઓ ત્યાં બધે ફેક ડિગ્રી સર્ક્યુલેશનનો જાણો રાફડો ફાટી નીકળ્યો હોય એવી સ્થિતિ થઈ છે. યુનિવર્સિટીઓ દ્વારા હજારો-લાખો રૂપિયાની લાલચે સ્ટુડન્ટ્સને ફેક સર્ટિફિકેટ આપવાના કેસ વધી રહ્યા છે. તેવામાં આવો જ એક કિસ્સો રાજસ્થાનનાં જયપુરમાં સામે આવ્યો છે. જ્યાં એક કે બે નહીં પરંતુ ૪૩ હજાર ૪૦૯ ફેક ડિગ્રીઓ ઈશ્યૂ કરી દેવામાં આવી છે. આ કેસ ઓમ પ્રકાશ જોગેંદ્ર સિંહ યુનિવર્સિટી સાથે જોડાયેલો છે. જેની અત્યારે તપાસ ચાલી રહી છે. રિપોર્ટ્સ પ્રમાણે એવા એવા લોકોને ડિગ્રી સર્ટિફિકેટ આપી દેવાયા છે જેમને કોઈ કાબિલિયત કે સ્ટડી બેકગ્રાઉન્ડ પણ એ ફિલ્ડનું નથી. રાજસ્થાન પોલીસની સ્પેશિયલ ટીમની તપાસ મુજબ આ ખાનગી યુનિવર્સિટીની સ્થાપના ૨૦૧૩માં થઈ હતી અને માન્યતા મળે તે પહેલા જ યુનિવર્સિટીએ બી.એડ., બી.પી.એડની ડિગ્રી ઈશ્યૂ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ એક ગેર-કાયદેસર કૃત્ય પણ છે. આ મોટા કૌભાંડ માં યુનિવર્સિટીના માલિક જોગીન્દર સિંહની ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડના છ દિવસ બાદ તપાસ દરમિયાન એન્ટ્રન્સ એક્ઝામ, સરકારી પરીક્ષાના પેપર લીક અને અન્ય કૌભાંડો સહિત અનેક મામલા પ્રકાશમાં આવ્યા છે. હવે આ કેસની તપાસમાં સામેલ એડીજીપી વીકે સિંહના જણાવ્યા અનુસાર, નકલી ડિગ્રીનો મુદ્દો ત્યારે સામે આવ્યો જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પર અગાઉની તારીખોથી ડિગ્રીઓ ઈશ્યૂ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ નકલી સર્ટિફિકેટ મંજૂર થાય તે પહેલા અને સીટોની સંખ્યા કરતા વધુનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ડીઆઈજી દેશમુખે જણાવ્યું હતું કે ૨૦૧૩થી અત્યાર સુધીમાં, યુનિવર્સિટીએ ૭૦૮ પીએડી, ૮,૮૬૧ એન્જિનિયરિંગ અને ૧૬૪૦ શારીરિક શિક્ષણ અને અન્ય અભ્યાસક્રમોની ડિગ્રી એનાયત કરી છે. રિપોર્ટ અનુસાર પીટીઆઈ કોર્સ માટે યુનિવર્સિટીમાં માત્ર ૧૦૦ સીટો ઉપલબ્ધ છે, પરંતુ આ કોર્સ માટે ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવી છે.

ઉપરાંત, યુનિવર્સિટીમાં ૩૦થી ઓછા નિયમિત કર્મચારીઓ છે, જે યુનિવર્સિટી ચલાવવા માટે ખૂબ ઓછા છે. જ્યારે પોલીસે યુનિવર્સિટીની પરીક્ષા પ્રક્રિયાની તપાસ માટે જૂના રેકોર્ડ માંગ્યા તો તેઓએ કહ્યું કે આગના કારણે દસ્તાવેજો બળી ગયા છે. જેથી કરીને હવે પીટીઆઈની પરીક્ષામાં પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓની ડિગ્રી ચકાસવા માટે શિક્ષણ વિભાગને જાણ કરવામાં આવી છે.

આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જગન રેડ્ડી સામે કેસ નોંધાયો

હૈદરાબાદ,તા.૧૨

પોલીસે તેલુગુ દેશમ પાર્ટીના ધારાસભ્યની ફરિયાદ પર પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી, બે વરિષ્ઠ ભારતીય પોલીસ સેવા અધિકારીઓ અને બે નિવૃત્ત અધિકારીઓ સામે "હત્યાના પ્રયાસ"નો કેસ નોંધ્યો છે. એક અધિકારીએ શુક્રવારે આ જાણકારી આપી. આ સંદર્ભે ઉંડી વિધાનસભા ક્ષેત્રના શાસક પક્ષના ધારાસભ્ય કે. રઘુરામ કૃષ્ણ રાજુએ ફરિયાદ નોંધાવી હતી. અધિકારીએ જણાવ્યું કે રેડ્ડી ઉપરાંત પોલીસે વરિષ્ઠ આઈપીએસ અધિકારી પી.વી.ની ધરપકડ કરી છે. સુનિલ કુમાર અને પીએસઆર સીતારમંજનાયુલુ અને નિવૃત્ત પોલીસ અધિકારી આર. ગુંટુર સરકારી હોસ્પિટલના પૂર્વ અધિક્ષક વિજય પો

સંક્ષિપ્ત સમાચાર

નિરોણા હાઈસ્કૂલમાં 'જ્ઞાન વિજ્ઞાન' માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ભુજ તા.૧૨

સારસ્વતમ્ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલ, નિરોણા મધ્યે 'ધ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) તેમજ પેટન્ટ ઈન્ફોર્મેશન સેન્ટર (PIC) ના સંયુક્ત ઉપક્રમે ક્વિઝ તેમજ અલગ-અલગ પ્રકારની પેટન્ટ વિષે વિસ્તૃત માહિતી સહ માર્ગદર્શન ક ાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભે શાળાના આચાર્ય ડૉ. વી.એમ.ચૌધરી દ્વારા ગુજકોસ્ટ કચ્છ જિલ્લા કો-ઓર્ડીનેટર પ્રવીણ મહેશ્વરી તેમજ પી.આઇ.સી., ગાંધીનગરના પ્રોજેક્ટ વૈજ્ઞાનિક હરિત ઉપાધ્યાયનું શાળા પરિવાર વતી શાબ્દિક સ્વાગત કરાયા બાદ ગુજકોસ્ટ કો-ઓર્ડીનેટર પ્રવીણ મહેશ્વરીએ વિજ્ઞાન ટેકનોલોજીથી સભર સ્ટેમ ક્વિઝ વિશે વિધાર્થીઓને માહિતગાર કરી વધુનેવધુ સંખ્યામાં જોડાય એ માટે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પી.આઇ.સી. પ્રોજેક્ટ સાયન્ટીસ્ટ શ્રી ઉપાધ્યાયે વિજ્ઞાનને વિશિષ્ટ અને વ્યવસ્થિત જ્ઞાન તરીકે ઓળખાવી જ્ઞાન વિજ્ઞાનની નવી નવી શોધોને કઇ રીતે પેટન્ટ મળે છે, તે વિષયે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. માર્ગદર્શક તબક્કા બાદ વિધાર્થીઓ માટે જ્ઞાન વિજ્ઞાનની પ્રશ્નોતરી રાખવામા આવેલ હતી, જેમાં સાચો જવાબ આપનાર વિદ્યાર્થીઓને પ્રવીણ મહેશ્વરીએ પુસ્તક ભેટ આપી પુરસ્કૃત કર્યા હતા, ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકો ભૂમિબેન વોરા, અલ્પાબેન ગોસ્વામી, આશાબેન પટેલ તેમજ રમેશભાઈ ડાભીએ સહયોગ આપ્યો હતો, કાર્યક્રમનું સંચાલન શિક્ષક અલ્પેશ જાનીએ જ્યારે આભાર વિધિ શાળાના વિજ્ઞાન શિક્ષક કિશન પટેલે કરી હતી.

વિશ્વ વસ્તી દિન એ ભુજમાં પત્રિકાઓનું વિતરણ કરાયુ

ભુજ તા.૧૨

૧૧ જુલાઈના વિશ્વ વસ્તી દિન એ વિવિધ વિસ્તારોમાં કુટુંબ નિયોજન અંગેની માહિતીઓ વિવિધ વિસ્તારોમાં પત્રિકાઓ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું માઇક સિસ્ટમના વાહન સાથે વિવિધ વિસ્તારમાં પરિવાર નિયોજન અંગેની વિસ્તૃત માહિતીઓ માઇક સિસ્ટમથી તેમજ પત્રિકાઓ દ્વારા પાંચ નાકા અને છઠ્ઠીબારી અને ચારેય રીલોકેશન સાઈડમાં વિતરિત કરી કુટુંબ નિયોજન અંગેની માહિતી પણ આપવામાં આવી હતી અને તે અંગેના ફાયદાઓ અંગે વિસ્તૃત જાણકારી પણ નાગરિકોને અપાય હતી.

આ કાર્યમાં સત્યમ સંસ્થા ના અધ્યક્ષ દર્શક અંતાણી,નરેન્દ્ર સ્વાડિયા, નર્મદા ગામોટ, નયન શુક્લ,તેમજ અન્ય લોકો જોડાઈને વિશ્વ વસ્તી દિનની પત્રિકાઓનું વિતરણ કર્યુ હતું. ભૂજ અર્બન ઓફિશના વૈશાલી ડાભી દ્વારા સાહિત્ય પૂરું પાડવામાં આવ્યું હતું.

કોઠારા ગામે ચાર્તુમાસ પ્રવેશે શાનદાર સામૈયું કરાયું

ભુજ તા.૧૨

અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબ ચાર્તુમાસ પ્રવેશ કરતાં કોઠારા જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

શણગારેલા બેડા, ગહુંલીઓ, ધ્વજા, પતાકા, બેનર, દુપટા-સાફા ધારી, શ્રાવક-શ્રાવિકાઓ સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. કોઠારા જૈન મહાજન પ્રમુખ નલીન અજાણી, હેમંત અજાણી, રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, પ્રવિણ લોડાયા,મધુકાન્ત શાહ તથા હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ઝવેરચંદ ખોના,અનીલ મોતા,મણીલાલ શાહ,મહેન્દ્ર લોડાયા,રમણિક શાહનંદ, શાંતીલાલ ધરમશી હિરાલાલ જીવાણી તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. જિનાલયે પહોંચી પૂજ્યો માંગલિક શ્રવણ કરાવતાં ચાર્તુમાસનો મહિમા સમજાવ્યો હતો. તોરલ શાહનંદે સ્વાગત ગીત રજુ કર્યું હતું.નલીન અજાણી, દિનેશ અજાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં ચાર્તુમાસ ઉજવણી તથા વિવિધ તપારાધનાઓની સમજ પૂરી પાડી હતી.

સવારની નવકારશી કોઠારા સામાયિક મંડળ દ્વારા જયારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુ કાન્તા ગોવિંદજી અજાણી તરફથી યોજાયું હતું.કાર્યક્રમનું સંચાલન પ્રવિણ લોડાયાએ આભારદર્શન દીનેશ અજાણીએ કરેલ. સમગ્ર વ્યવસ્થા પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર,ગુલાબ મોતા, નીલેશ લોડાયા, પનુભા ધલ, ગીરીશ મોમાયાએ સંભાળી હતી.

વાસણા ખાતે સંભવનાથ જિનાલયે જૈનમુનિ પ્રિયંકરસાગરજી મ. નો ચાતુર્માસ પ્રવેશ થશે

અમદાવાદ તા. ૧૨

અમદાવાદ મહાનગરના અંગણે વાસણા વિસ્તારના મેઈન રોડના શ્રી સંભવનાથ જૈન દેરાસર સંઘની વિનંતીને માન આપી જૈનાચાર્ય શ્રી ગુણોદયસાગરજી સૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રભાવક શિષ્યરત્ન મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મહારાજ સાહેબ આદિ ઠાણા ચાતુર્માસ સાર્થે તા. ૧૪-૭ ના અમદાવાદ-વાસણા મધ્યે પધારશે. વાસણા જૈન શ્રી સંઘના ઉત્સાહ ઉમંગની સહ ભવ્ય સ્વાગત યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે વાસણા શ્રી સંઘ સહ અચલગચ્છ જૈન સંઘ અમદાવાદને પણ આમંત્રણ આપી એક જૈન એકતાની પ્રેરણા આ પ્રસંગ દ્વારા જૈન જગતને મળી છે. જૈનમુનિની પ્રવેશયાત્રા બેરેજ રોડ, એકતા ફલેટ્સ પાસેથી પરમ ગુરુભક્ત નરેશભાઈ રતીલાલ શાહના ગૃહાંગણેથી શુભારંભ થશે. ડીવાઈન લાઈફ સ્કુલ, સ્વામિનારાયણ મંદિર, વાસણા થઈ શ્રી સંભવનાથ જિનાલય સામે, પૌષધશાળા, જ્ઞાન મંદિર ખાતે પહોંચશે. આ અવસરે ધર્મસભાના આયોજન સહ પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન, ગુરુપૂજન, કામળી વહોરાવવા સહ ચાર્તુમાસીક દૈનિક પ્રવચનોના શ્રી શાંત સુધારસગ્રંથ શ્રી અમરકુમાર, સુરસુંદરી ચરિત્ર વહોરાવવાની ઉછામણી સંઘ પૂજન, બપોરની સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું છે. મુનિ શ્રી સહ પૂ. રત્નોદયસાગરજી, પૂ. રાજપ્રિય સાગરજી મહારાજ સાહેબ પણ ચાતુર્માસ પ્રવેશ કરશે. જૈનમુનિશ્રીએ આ અવસરે સાંપ્રદાયિક ક્રાન્તિને બીરદાવી ચાતુર્માસ એ ધર્મ-સમાજ ક્રાન્તિનું મૂળ છે. એમ કહી અધ્યાત્મીક તરફ લઈ જનાર આ ધર્મની મોસમ છે. એમ જણાવેલ. જૈનાચાર્ય શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ બાવળા, સાવત્થી તીર્થવાળાના અસીમ આશીષે તથા અચલગચ્છાધિપતિ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી આ ચાર્તુમાસ શ્રી સંઘને સાંપડ્યુ છે. તે અમારા પરમ અહોભાગ્ય છે તેમ સર્વ શ્રી ટ્રસ્ટી ગણ શ્રી નરેશભાઈ, પારસભાઈ, લાલાભાઈ, ભાવિનભાઈ વગેરે જણાવ્યું હતું. ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે સંગીતકાર સોમીલભાઈના સથવાર, સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

ભુજ સનસીટીમાં વૃક્ષારોપણ

આણંદપર(યક્ષ)તા.૧૨

સરકાર તેમજ વનવિભાગ અને જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર વૃક્ષા રોપણના કાર્યક્રમો યોજાતા થયા છે, લોકો નર્સરીમાંથી રોપા લઈ ઘર-આંગણે, શેરીઓ, સાર્વજનિક પ્લોટ, શાળાઓ, મંદિરો સહિત અન્ય જગ્યાએ વાવેતર કરતા થયા છે, જે ઉજ્જવળ ભવિષ્ય માટે સારી નિશાની છે. ભુજના વોર્ડ નં-૧૧ ના કાઉન્સલર બિંદીયાબેન ઠક્કરના જન્મદિન નિમિત્તે સન સીટીના સાર્વજનિક પ્લોટમાં વિવિધ ફુલઝાડ, ઔષધીય તેમજ મોટા વૃક્ષો થાય એવા રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સર્વે સોસાયટી વાસીઓએ બિંદિયા બેનને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી આવા કાર્યક્રમોમાં હમેશા અગ્રેસર રહી સમાજને ઉપયોગી થતા રહેવા જણાવ્યું હતું, સન સીટી સોસાયટીના પ્રમુખ જયંતિભાઈ, મંત્રી પ્રવીણ સોની, કારોબારી સભ્યો તેમજ હરિઓમ ગ્રુપના જીવરાજ સોની, રતનશી પટેલ, નીતિન રાવલ, કિરણ વોરા, જેસીંગભાઈ ડાંગર, પ્રફુલ પાલીવાડ સહીત ઉપસ્થિત રહ્યા હતા. સોસાયટીની બહેનો, વડીલો, અબાલ વૃધ્ધ સર્વેના હાથે એક- એક છોડ રોપવામાં આવ્યો હતો, અને જતન કરી વૃક્ષ બનાવવાનો સૌએ સંકલ્પ લીધો હતો, વૃક્ષારોપણ બાદ ગાયત્રી મંત્રના ઉચ્ચારણથી પ્રાગણ પવિત્ર બન્યુ હોવાનું નિતીન રાવલે જણાવ્યું હતું.

ડ્રીમ વર્લ્ડ ડાન્સ એકેડમી દ્વારા એડવેન્ચર કેમ્પ યોજાયો

ભુજ તા.૧૨

બાળકોમાં એડવેન્ચર વૃતિ વધે તેના પ્રયાસરૂપે ડ્રીમ વર્લ્ડ ડાન્સ એકેડમી દ્વારા કેમ્પ યોજાયો હતો. આ બાબતે એકેડમીના અર્થ શાહે જણાવ્યુ હતુ કે આજના સમય મા મોબાઈલ અને ડિજિટલની દુનિયા છોડી કુદરત ના સાનિધ્ય મા પ્રકૃતિ સાથે જોડાઈ તેના મૂળ અને જમીન સાથે જોડવાના ભાગરૂપે આ કાર્યક્રમનુ આયોજન કરાવામા આવ્યુ આ કેમ્પમાં સિતેર થી વધુ વિદ્યાર્થી જોડયા હતા જેમા ગુજરાતની વિવિધ જગ્યા જે વણખેડાયલી છે જે સાંસ્કૃતિક વારસા અને કુદરતી વાતાવરણનો અહેસાસ ધરાવતી બાબતો જાણકારી સાથે પોતાની અંદર આત્મવિશ્વાસ અને હિમંત વિકસાવતી એડવેન્ચર એકટીવીટીઓ માણવી.બુદ્ધિ આંક વધારતાની સાથે આપણા દેશના વારસા, સંસ્કૃતિ, ઈતિહાસની જાણકારી સાથે પરિચય અનુભવ્યો હતો.

કેન્દ્રના ધોરણે રાજ્યના શિક્ષકો, કર્મીઓને ઘરભાડા દરમાં વધારો કરવા માંગ

ભુજ : રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી મોંઘવારીના દર ૫૦% થતા સાતમાં પગારપંચની ભલામણ અનુસાર કેન્દ્રીય કર્મચારીઓની જેમ રાજ્યના સરકારી તેમજ અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ઘરભાડા દરમાં કેટેગરી અનુસાર વધારો કરવા તથા નિવૃત્તિ સમયે મળવાપાત્ર ગ્રેજયુટીની મર્યાદા ૨૦ લાખથી વધારી ૨૫ લાખ કરવા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ તેમજ મહામંત્રી મિતેષ ભટ્ટે દ્વારા રજૂઆત કરાઇ છે. આ રજૂઆતને કચ્છના શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગો આવકારે છે એવું રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ ગ્રાન્ટેડ માધ્યમિક અધ્યક્ષ અલ્પેશ જાનીની યાદીમાં જણાવવામાં આવેલ હતુ.

બીજા વર્ષમા મંગળ પ્રવેશે
હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજ પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

રવિન્દ્રભાઇ ત્રવાડી
રાજકીય-સામાજીક આગેવાન
ન્યુઝ ફોર કચ્છ

બીજા વર્ષમા મંગળ પ્રવેશે
હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજ પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

વિરમભાઈ આહિર
મહામંત્રી બક્ષીપંચ મોરચા કચ્છ જીલ્લા ભાજપ,
પ્રમુખ સુમરાસર શેખ દુધ ઉત્પાદક સહકારી મંડળી
ન્યુઝ ફોર કચ્છ

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR

1 YEAR

શૈલેન્દ્રસિંહ જાડેજા (મુન્નાભાઈ)
સામાજીક આગેવાન કચ્છ
ન્યુઝ ફોર કચ્છ

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR

1 YEAR

શ્રવણસિંહ વાઘેલા
કારોબારી સદસ્ય કચ્છ ભાજપ અને
કચ્છ જીલ્લા રાજપુત ક્ષત્રિય સભા
ન્યુઝ ફોર કચ્છ

ગ્રામસભામાં થયેલા ઠરાવો મુજબ વિકાસલક્ષી કામોને પ્રાધાન્ય આપવામાં આવે

રાપર તાલુકા સરપંચ સંગઠનની બેઠકમાં પંચાયત સ્તરે થતા વિકાસ કામોના બીલના ચુકવણા સમયસર કરવા માંગ ઉઠી

રાપર તા.૧૨

રાપર ખાતે તાલુકા સરપંચ સંગઠન દ્વારા તાલુકાના સરપંચો અને પંચાયતોને લગતા વિવિધ મુદાઓની ચર્ચા વિચારણા માટે સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તાલુકા પંચાયત સભાખંડ ખાતે ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી હુશેન જીએજાના અધ્યક્ષ સ્થાને આયોજિત સભામાં સૌ પ્રથમ તાલુકા સરપંચ સંગઠનના મહામંત્રી અકબર રાઉમાએ ઉપસ્થિત સર્વે અધિકારીઓ, પદાધિકારીઓ સરપંચોનું શાબ્દિક સ્વાગત પ્રવચન કરી ગત મીનીટના વાંચન સાથે એજન્ડા મુજબ મીટીંગની શરૂઆત કરાવી હતી. સંગઠનના પ્રમુખ રામજી સોલંકીએ ખેડુતોને લગતા સહકારી ક્ષેત્રના વિવિધ મુદાઓ પર ચર્ચો કરી સરપંચોને સહકારી ક્ષેત્રે પોતાના ગામમાં ખેડુતોને સહાયરૂપ થવા સમજણ આપી સહકારની વાત મુકી હતી. ભીખુભાઈ સોલંકીએ પી.એમ કિશાન સન્માન નિધિમાં પડતી તકલીફો વિષે, ભરત મઢવીએ જેમર્સ પોર્ટલની આઇ.ડી દરેક પંચાયત લેવલે બનાવવાની રજુઆત કરી હતી, જયારે ભરત રાજપુત દ્વારા નવા એસ.ઓ.આર માં ૧૮ ટકા જી.એસ.ટી લાગુ પડે છે, તેના રિફંડ સંદર્ભે ચર્ચા સાથે, નાણાપંચમાં ટાઈડ, અનટાઇડ ગ્રામ પંચાયતોના નાણાપંચ માંથી ગ્રામ પંચાયત પાસેથી ૨૦ ટકા તાલુકા પંચાયત, ૧૦ ટકા જિલ્લા પંચાયતે ગ્રાન્ટનો કાપ મુકી આયોજનની સતા ઝુંટવી લીધી છે, જે ૩૦ ટકાનો કાપ ફરીથી પંચાયત સ્તરે આયોજન કરાયુ હતું, જિલ્લા આયોજનમાં એટીવીટી, વિકાસશીલ,૧૫ ટકા વિવેકાધીન જેવી ગ્રાન્ટો ગ્રામસભાની અંદર થયેલા ઠરાવો મુજબ આયોજનમાં વિકાસલક્ષી કામોને પ્રાધાન્ય આપવા રાપર તાલુકા સરપંચ સંગઠનના સૌ હોદેદારો તેમજ સર્વે સરપંચોએ પોતાના મંતવ્યો રજુ કરી આગ્રહ પુર્વક ભાર મુકયો હતો. તેમજ પંચાયત સ્તરે થતા વિકાસ કામોના બીલના ચુકવણા તાત્કાલિક અને સમયસર કરવા પણ માંગ કરાઈ હતી વધુમાં ગામડાઓને સંપૂર્ણ સુખ સુવિધાઓથી સમૃદ્ધ બનાવી સમાર્ટ વિલેજ બનાવવા પણ સરપંચ સંગઠને ભાર મુકયો હતો. આ મીટીંગમાં તા.પં. પ્રમુખના પ્રતિનિધિ કૌશિક બગડા, ખેતીવાડી વિસ્તરણ અધિકારી ભરત શ્રીમાળી, બાંધકામ શાખાના ઇજનેર હિરલ પંડયા, સંગઠનના હોદેદારો કરમશી ભરવાડ, મહેશ ચૌધરી, શીવરામ પંડયા, નટુભા સોઢા, મનસુખ મકવાણા, મશરૂ ભરવાડ, રાઘવ આહીર, ભરત પરમાર, વેલા રાજપુત, દિગુભા, સામા મકવાણા, રણછોડ ડાંગર, ગણેશ અનાવડિયા, સહિત ઉપસ્થિત રહ્યા હતા. રાપર સેતુ અભિયાનના તરૂણ પરમાર અને લાલજી પરમારે વ્યવસ્થા સંભાળી.

ગાંધીધામ સહિત મંડળના તમામ રનિંગ રૂમમાં સ્ટાફને અદ્યતન સુવિધાઓ મળે છે

ગાંધીધામ તા.૧૨

ભારતીય રેલવે દ્વારા રેલવે ક્રૂ મેમ્બરો જેમ કે પાયલોટ, આસિસ્ટન્ટ પાયલોટ, ટ્રેન મેનેજર વગેરેને રનીંગ રૂમ અથવા રેસ્ટ રૂમની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, જ્યાં તેઓ તેમની ડ્યુટી પછી આરામ કરી શકે છે. આ સુવિધાઓ સામાન્ય રીતે મોટા રેલવે સ્ટેશનો અને કેટલાક જંકશન સ્ટેશનો અથવા ઇન્ટરચેન્જ પોઈન્ટ પર મળે છે જ્યાં ક્રૂ તેમના સુનિશ્ચિત ફરજના કલાકો પછી સાઇન ઓન/સાઇન ઓફ કરે છે.

આ રનિંગ રૂમમાં ઘણી સુવિધાઓ અને સવલતો પૂરી પાડવામાં આવે છે, જેથી કર્મચારીઓ યોગ્ય આરામ અને વિશ્રામ કરી શકે.આ સ્ટેશનો પર એક ક્રૂ લોબી પણ આપવામાં આવે છે જ્યાં લોકો પાઇલોટ, ટ્રેન મેનેજર તેમની ડયૂટી શરૂ અથવા સમાપ્ત કરે છે.અમદાવાદ મંડળના ગાંધીધામ ઈન્ટીગ્રેટેડ ક્રૂ રનિંગ રૂમ અનેક સાધન અને સુખ-સુવિધાઓથી સુસજ્જિત છે.આ રનિંગ રૂમમાં RRMS સુવિધા ઉપલબ્ધ છે જે લોકો પાયલોટનો સમય બચાવે છે,કર્મચારીઓને રાહતદરે ભોજન અને લિનન સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. તેમાં ૨૦ રેલ્વે કર્મચારીઓ માટે અને બે મહિલા કર્મચારીઓ એરકન્ડિશન્ડ રૂમ છે જેમાં કર્મચારીઓ માટે પથારીની વ્યવસ્થા છે, શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ રસોડું, એક ડાઈનિંગ હોલ, પર્યાપ્ત શૌચાલય વગેરે સુવિધા અહી છે. આહલાદક વાતાવરણ સાથે એક ધ્યાન ખંડ પણ છે જ્યાં કર્મચારીઓ ધ્યાન કરે છે અને મનને શાંત કરે છે.

આ બિલ્ડિંગમાં કર્મચારીઓને તેમના મનપસંદ પુસ્તકો, સામયિકો વગેરે વાંચવાનો આનંદ પણ લે છે. જે ટ્રેન ડ્રાઈવર લાંબા સમય સુધી કામ કરે છે તેમના માટે ક્રોકરી, અને ફર્નિચર અને ફૂટ મસાજર વગેરે જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. જેથી કરીને તેમને ઘર જેવો આરામ મળી શકે. આ રનિંગ રૂમ ISO ૪૫૦૦૧: ૨૦૧૮, ૯૦૦૧: ૨૦૧૫, ૧૪૦૦૧: ૨૦૧૫ અને AA પજી FI થી પ્રમાણિત કરવામાં આવ્યા છે.

ચોમાસામાં બાળકો બૂઝુર્ગોને ઋતુ જન્ય રોગ સામે સુરક્ષિત રાખવા સુચનો

અદાણી મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસીન વિભાગે મેલેરિયા, ટાઈફોઈડ, એલર્જી, ઝાડા ઉલ્ટી સામે સૂચવ્યા આગોતરાં પગલાં ચોમાસામાં પાચન, ઇમ્યુનિટી મંદ થવાથી અનેક સમસ્યા થઇ શકે છે.

ભુજ તા.૧૨

વરસાદની આ ઋતુને કારણે તાપમાનનો પારો ઉપર નીચે થતો હોવાથી વાયરલ તાવ માટે ફાવતું મળે છે.મચ્છરો પણ આ મોસમની દેન હોવાથી મલેરિયા, ટાઈફોઈડ, ચિકનગુનિયાનો ઉપદ્રવ વધે છે. દૂષિત પાણી અને બજારૂ ખાનપાનથી પેટનું સંક્રમણ પણ થાય છે. ઉપરાંત આંખ લાલ આવી જવી જેવી અસર શરીરમાં વર્તાતી હોવાથી સ્વાસ્થ્ય પરત્વે સજાગ રહેવાની જરૂર છે.અદાણી મેડિકલ કોલેજના કોમ્યુનીટિ મેડિસિન વિભાગના હેડ ડો.શ્રેયસ.આર.મહેતા અને એસોસિએટ પ્રો.ડો.નિરવ કે નિમાવતના જણાવ્યા મુજબ માનવીના શરીરમાં રોગ પ્રતિરોધક ક્ષમતા હોય તો જલ્દી સાજા થઇ જવાય,પરંતુ ઈમ્યુનીટિ માત્ર ખાન-પાનથી નથી ઉત્પન્ન થતી,યોગ્ય ખાણી-પાણી, કસરત સાથે યોગ પણ સામેલ કરાય તો પ્રતિરોધક શકિત વધે છે. પરિણામે અન્યોની સરખામણીમાં સત્વરે ઠીક થઇ જવાય છે. આ વાતોનું ધ્યાન રાખો: આ ઋતુમાં બુઝુર્ગોને અને બાળકોને સંક્રમણનું જોખમ વધુ રહે છે. જો ત્વચાની સમસ્યા હોય તો બજાર માંથી દવા,ક્રીમ કે મલમ બારોબાર ખરીદવાને બદલે ત્વચા નિષ્ણાતની સલાહ લ્યો. જેમને ધૂળની એલર્જી હોય તેમને પોલન એલર્જીની સમસ્યા વધી જાય છે. તાજી હવામાં રહો ગરમ ખાવા-પીવાનું રાખો. જો ગર્ભવતી મહિલા કે બાળક-બુઝુર્ગ સંક્રમિત થાય તો તબીબને અચૂક બતાવો.આ સિઝનમાં મચ્છરથી સતર્ક રહેવું જરૂરી છે. ઘરની આસપાસ પાણી જમા ન થાય તે જોવું ઘરમાં ઈન્ડોર પ્લાન્ટ હોય તો તડકો નીકળે તો ધૂપમાં રાખવા. આ ઋતુમાં લાંબી બાયના કપડા પહેરવા જરૂરી છે.ઉપરાંત માથું દુખવું,કફ સામાન્ય બની જાય છે.ચોમાસામાં ઝાળા ઉલ્ટી ન થાય માટે સાવધ રહો: ચોમાસામાં ઝાડા ઉલ્ટીના કેસ પણ વધુ જોવા મળે છે.જેનો વ્યાપ વધતાં સમય નથી લાગતો.આ મોસમમાં પાચનશક્તિ મંદ હોવાને કારણે પેટમાં સંક્રમણ તીવ્ર ગતિ પકડી છે,તેવામાં લારી કે બહારનો ખોરાક નાસ્તા ઉપર સ્વ પ્રતિબંધ મૂકવો જરૂરી છે.દૂષિત પાણી પણ આ રોગ માટે જવાબદાર બની શકે.તેથી ફિલ્ટર વાળું કે ઉકાળેલું પાણી પીવું.મોળી છાસ,લીંબુ પાણી,ચોખાની કાંજી અને તમામ પ્રકારના જ્યૂસ ઉપર ભાર મૂકવાથી ઝાડા ઉલ્ટી જેવા રોગથી આગોતરું રક્ષણ મેળવી શકાય.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

આજે આંતરરાષ્ટ્રીય ખડક દિવસ



આંતરરાષ્ટ્રીય રોક દિવસ દર વર્ષે ૧૩ જુલાઈના રોજ ઉજવાય છે. ખાસ કરીને માનવજાત માટે અગ્નિકૃત, જળકૃત અને મેટામોર્ફિક ખડકોના મહત્વને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ખડક દિવસની ઉજવણી કરાય છે. પર્વતા રોહકોના મતે ગિરનારના અગ્નિકૃત ખડકો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્વતારોહકો માટે શ્રેષ્ઠ સ્થળ છે. ભવિષ્યમાં ગિરનારને આવરી લઈ કલાઈમ્બીંગ કલચર ઉભુ થશે.

આ વખતે ગિરનારના બે હજાર પગથિયા પાસે જૈન દેરાસરની પાછળના વિસ્તારમાં અંદાજે ૧૨૦૦ ફુટના બે નવા રૂટની ઓળખ કરાઈ છે. પર્વતારોહકના મતે જૂનાગઢના ગિરનાર પર્વતના અગ્નિકૃત ખડકો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્વતારોહકો માટે શ્રેષ્ઠ સ્થળ છે. પર્વતારોહણમાં વિવિધ પ્રકારના મજબુત સાધનોનો ઉપયોગ થાય છે. બેઝીક કેટેબીનર જે કલાઈમ્બરને બોડી સાથે જોડવા ઉપયોગી છે. પર્વતા રોહકની સલામતી માટે રોપને સાંકળતી ૨૦ પ્રકારની ગાંઠની મુખ્ય ભૂમિકા છે. આ ગાંઠોના નામ પણ અનોખા છે. જેમાં ઓવર એન્ડ લુપ, રીફનોટ, કલોહીચ, બોલાઈન, ટર્બક, ટીમ્બર હીચ, એન્ડ મેન ડી, ફિગર ઓફ એઈડ, નામની ગાંઠ પર્વતારોહકને કોઈ પણ પ્રકારનું નુકસાન થતા અથવા પડતા બચાવે છે.માનવજાત માટે અગ્નિકૃત, જળકૃત અને મેટામોર્ફિક ખડકોના મહત્વને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ખડક દિવસની ઉજવણી કરાય છે.

કચ્છમાં પણ આવી પ્રવૃતિ અનેક એન્ડવેન્ચેર ક્લબ દ્વારા કરાવામાં આવે છે. અને કચ્છમા પણ આવા અનેક ખડકો આવેલા છે. જ્યા પ્રવાસીઓ મુલાકાત માટે પણ જાય છે. અને એડવેન્ચર પ્રવૃતિ માટે પણ યુવાનો જાય છે. જો કે કચ્છમાં ખડકો અનેક આવેલા છે. પરંતુ એન્ડવેન્ચર માટેના ઉત્સાહનો અભાવ છે.

અંજારવાસીઓનો પરિણામ માટેનો મૌન વિરોધ સફળ !

પ્રતિબંધ હોવા છંતા બેફામ દોડતા વાહને તાજેતરમાં જ એક તરૂણીનો જીવ લીધા બાદ અંજારના લોકોમાં રોષ હતો ૧૦૦ થી વધુ લોકોના મોત બાદ આજે મૌન રેલી યોજી પરિણામની માંગ કરી હતી જે બાદ તંત્રએ જાહેરનામાની કડક અમલવારી માટે ખાતરી આપી

અંજાર, તા.૧૨

યોગેશ્વર ચોકડી પર ભારે વાહનોના પ્રતિબંધ છંતા પણ બેફામ રીતે દોડતા વાહને તાજેતરમાં જ એક તરૂણીનો જીવ લીધા બાદ અંજારના લોકોમાં ભારે રોષ છે તેવામાં ઘટના સમયે ભારે વિરોધ બાદ શુક્રવારે શહેરીજનો ફરી રોષ સાથે મૌન વિરોધ કરી તંત્રને નિયમોનુ ભાન કરાવ્યુ હતુ. લોકોએ યોગેશ્વર ચોકડીથી પ્રાંત કચેરી સુધી યોજી મૌન રેલી યોજી તંત્રને આવેદનપત્ર આપી ગંભીર મામલે રજુઆત કરી હતી તંત્રની બેદરકારી અને યોગેશ્વર ચોકડી પર અત્યાર સુધી થયેલા મૃત્યુ અને બનાવોના વિરોધ દર્શાવતા બેનરો સાથે રેલી પ્રાન્ત કચેરીએ પહોંચી હતી. વિવિધ આગેવાનોએ તંત્રના આશ્વાસન પછી પણ કચેરીમાં ધરણા કરી વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય કરી કાયમી સમસ્યાના ઉકેલ માટે ની માંગ કરી હતી. એક સમયે જયા સુધી આ સમસ્યાના ઉકેલની લેખીત ખાતરી ન મળે ત્યા સુધી અમે પ્રાંત કચેરીથી જ બેસવાની ચિમકી શહેરીજનોએ ઉચ્ચારી હતી બાદમા તંત્રએ લેખીત ખાતરી સાથે સ્થળ પર તેની અમલવારી માટે નિયુક્ત કરેલા લોકોની યાગી સહિતની વિગતો આપ્યા બાદ લોકોનો રોષ શાંત થયો હતો. રવિ આહિર,અંજાર કોગ્રેસ સમિતીના યુવરાજસિંહ વાઘેલા,રાજેન્દ્રસિંહ જાડેજા સહિત અંજારના અનેક રાજકીય-સામાજીક આગેવાનો તથા સ્થાનીક લોકો આ વિરોધમાં જોડાયા હતા. એસડીએમ અંજાર સુનીલકુમાર સોલંકીએ ખાતરી આપ્યા બાદ લોકોએ વિરોધ પુર્ણ કર્યો હતો. તંત્રએ ખાતરી આપી છે કે જાહેરનામાની કડક અમલવારી થશે અગાઉ આ મામલે અનેક લોકોએ તંત્રને રજુઆત કરી હોવા છંતા વારંવાર ભારે વાહનોન કારણે નિર્દોષ લોકોને મોતે ભેટ્યા ના કિસ્સાઓ છે. ત્યારે અંજારના નાગરીકોના આકરા વલણ અને સાચી માંગનો સ્વીકાર કરાતા હાલ પુરતો લોકોએ વિરોધ પુર્ણ કર્યો હતો.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

ચિત્રોડ નજીક પોલીસ જાપ્તામાંથી લુંટનો આરોપી ભાગી જતા દોડધામ

રાપર, તા.૧૨

તાલુકાના ચિત્રોડ ગામે રેલવે ફાટક પાસે પોલીસ જાપ્તામાંથી લૂંટનો આરોપી ભાગી જતા પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ છે. પ્રાથમીક વિગતો મુજબ થોડા સમય અગાઉ રાપર વિસ્તારમાં પેટ્રોલ પંપમાંથી લૂંટ થઈ હતી. આ ગુનામાં આરોપી સુખો ઉર્ફે સુખદેવ કોલી ગળપાદર જેલમાં હતો આરોપીને રાપર કોર્ટમાં લઈ જતી વખતે ચિત્રોડ ગામે રેલવે ફાટક પાસે ગાડી ઉભી એ દરમ્યાન પોલીસની નજર ચુકવી પોલીસ વાહનનો દરવાજો ખોલી આરોપી સુખો પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. જેથી વિવિધ વિસ્તારમાં નાકાબંધી કરી શોધખોળ હાથ ધરવામાં આવી છે. આરોપીને પકડવા માટે ભચાઉના ડીવાયએસપી સાગર સાબંડાના વડપણ હેઠળ એલસીબી, રાપર, ભચાઉ, લાકડીયા, આડેસર, ગાગોદર પોલીસની ટીમો બનાવી અલગ-અલગ વિસ્તારમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ આરોપીને પકડવા માટે કામગીરી ચાલુ હોવાનુ જણાવ્યુ હતુ. એક તરફ નીતા ચૌધરી પોલીસ પકડથી દુર છે તેવામાં પુર્વ કચ્છને પડકાર ફેંકતો વધુ એક બનાવ બન્યો છે.

ભુજના ડ્રગ્સ ગુનામાં નાસતો ફરતો આરોપી નલીયામાં પકડાયો

ભુજ તા.૧૨

પેરોલ, ફર્લો, વચગાળા જામીન ફરારી,જેલ ફરારી તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે પોલીસ વડાઓની સુચના અન્વયે પેરોલ ફર્લો સ્કોડ ટીમ પ્રયત્નશીલ હતી, તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, ભુજ બી ડીવીઝન પો.સ્ટે. માં એન.ડી.પી.એસ. કલમ હેઠળ નોંધાયેલ ગુનાનો આરોપી ધરપકડથી બચવા નાસતો ફરતો રહ્યો છે, તે સિરાજ ઇકબાલ મુસાભાઇ મિસ્ત્રી (રહે.નલીયા) હાલમાં નલીયા સબ જેલ સામે રોડ પર હાજર છે, તેવી ભરોસાલાયક બાતમીના આધારે સ્ટાફના માણસો સાથે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર શખ્શની અટક કરી પેરોલ ફર્લો સ્કોડની કચેરીએ લાવી ઉપરોકત ગુના કામે ખાત્રી કરી સી.આર.પી.સી કલમ ૪૧(૧),(આઇ) મુજબ ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે બી ડીવીઝન પો.સ્ટે.માં સોંપવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પેરોલ ફર્લો સ્કોડ પશ્ચિમ કચ્છ ભુજના પોલીસ સબ ઈન્સ્પેકટર ડી.બી.વાઘેલા, એ.એસ.આઈ. રૂદ્રસિંહ જાડેજા,હરીલાલ બારોટ, હેડ.કોન્સ ધર્મેંદ્ર રાવલ, કનકસિંહ ગોહિલ, વિમલ ગોડેશ્વર કોન્સ. બલવંતસિંહ જાડેજા તથા નીરૂબેન જોડાયેલ હતા.

ભુજ કલેક્ટર કચેરી બહાર ચોરાયેલ એકટિવાનો ભેદ ઉકેલાયો

ભુજ તા.૧૨

મિલ્કત સંબંધી બનતા ગુના અટકાવવા અને શોધી કાઢવા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન અન્વયે સીટી એ ડીવીઝન પોલીસ ઇન્સપેક્ટર એ.જી.પરમારે તા.૧૦/૦૭ ના નોંધાયેલ એક્ટિવા ચોરીનો ગુનો ડીટેકટ કરવા સુચના આપેલ જે અનુસંધાને તેમના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના માણસો ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સીસ તથા નેત્રમ કમાન્ડ કંટ્રોલ હેઠળ લાગેલ તેમજ પ્રાઈવેટ સી.સી.ટી.વી કેમેરાના ઉપયોગથી ગુનાનું ડીટેકશન કરવા પ્રયત્નશીલ હતા, તે દરમ્યાન બાતમી મળેલ કે, આ ગુનામાં વિરામ હોટલ વિરામ ફૂટપાથ પર રહેતો અબ્બાસ ઓસ્માણ ક્કુલ (મુળ રહે. ભવાનીપુર ભચાઉ) વાળો સંડોવાયેલ છે, જેથી તેને વિશ્વાસમાં લઇ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે એકટીવા ગત તા.૨૬/૦૬ ના કલેકટર ઓફીસના બહારના ભાગેથી ચોરી કરેલ હોવાનું કબૂલી લીધું હતું ,જેથી ચોરીમાં ગયેલ એકટીવા કિં રૂ.૩૦,૦૦૦ રીકવર કરી તેની વિરૂધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.આ કામગીરીમાં પોલીસ ઇન્સપે. એ.જી.પરમારના માર્ગદર્શન હેઠળ સબ.ઇન્સ. ડી.બી.લાખણોત્રા,પો.હેડ. કોન્સ. મહીપાલસિંહ જાડેજા, રણજીતસિંહ જાડેજા, મામદહુશેન કુંભાર, કોન્સ. લાખાભાઇ બાંભવા, જયદેવસિંહ જાડેજા, જીવરાજ ગઢવી જોડાયેલા હતા.

વાહનોમાં કટીંગ થાય તે પહેલાં વાડીમાં ૬.૮૭ લાખનો દારૂ કબ્જે

ગુણાતીપુર- શિકરા વચ્ચે વાડીમાં ચાલુ કટીંગે એક ઈસમ ઝડપાયો, બે નાશી જવામાં સફળ

ગાંધીધામ તા.૧૨

ભચાઉ તાલુકાના ગુણાતીતપુર થી શિકરા તરફ જતા રસ્તે એક વાડીમાં ભચાઉ પોલીસે દરોડો પાડી ત્યાં ઉભેલા વાહનો તથા વાડીના અંડર ગ્રાઉન્ડ ટાંકામાંથી રૂ.૬.૮૭ લાખના વિદેશી દારૂ સાથે એક ઈસમને દબોચી લિધો હતો. ભચાઉ પોલીસ ઈન્સ. એસ. ડી.સિસોદીયા તથા પોલીસ સબ ઇન્સ.ડી.જે.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રોહીબિશેન ગુના શોધવા પ્રયત્નમાં હતા તે દરમ્યાન તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, અશોકસિંહ ઉર્ફે મામા બાલુભા જાડેજા(રહે દરબારગઢ ભચાઉ) તથા દિપુભા જયેન્દ્રસિંહ જાડેજા (રહે સમાવાસ રાપર) વાળાઓ સાથે મળી અશોકસિંહ ઉર્ફે મામા જાડેજાની ગુણાતીપુર થી શિકરા જતા રસ્તા પર આવેલ વાડીમાં પોતાના માણસો દ્વારા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે રાખી કટીંગ કરી રહેલ છે, જે બાતમી આધારે પોલીસ સ્ટાફના માણસો સાથે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ની જુદી જુદી બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ-૪૭૨૮ કિંમત રૂપિયા ૬,૮૭,૦૦૦ નો જથ્થો મળી આવતાં પ્રોહીબીશન ધારા તળે ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડ દરમ્યાન આરોપી હાર્દિક ઉર્ફે ભોલો ભીખાભાઈ વાળંદ(રહે ભચાઉ) ઝડપાઇ ગયો હતો જ્યારે ભચાઉના બે આરોપીઓ ભગીરથસિંહ દુર્ગાસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે શિવમ નરેન્દ્રસિંહ જાડેજા નાશી ગયા હતા,જ્યારે સંડોવાયેલ મુખ્ય આરોપીઓ અશોકસિંહ ઉર્ફે મામા બાલુભા જાડેજા(રહે ભચાઉ) અને દિપુભા જયેન્દ્રસિંહ જાડેજા (રહે રાપર) હાજર મળ્યા ન હતા પોલીસે નાશી ગયેલ તેમજ હાજર નહીં મળેલા તથા તપાસમાં જે નિકળે તેને પકડવા પોલીસે કવાયત હાથ ધરી છે. આ દરોડા દરમ્યાન પોલીસે મહિન્દ્રા કંપનીનું પીકઅપ વાહન ડાલુ રૂ.૫,૦૦,૦૦૦ તથા એક અલ્ટ્રોઝ કાર રૂ.૩,૦૦,૦૦૦ એમ કુલ્લ ૧૪,૮૭,૦૦૦ નો મુદામાલ હસ્તગત કર્યો હતો. આ કામગીરી ભચાઉ પોલીસ ઇન્સ્પેક્ટર એસ.ડી.સિસોદીયા, સબ ઇન્સ્પેક્ટર ડી.જે.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ પાર પાડી હતી.

શંકાસ્પદ ડીઝલના જથ્થા સાથે ચિત્રોડનો ઇસમ ઝડપાયો

ભચાઉ તા.૧૨

મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ ગુનાઓ શોધી પોલીસ ઇન્સપેક્ટર એસ.ડી સિસોદીયાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, ઘનુભા કરશનજી સોઢા (રહે.ચિત્રોડ તા.રાપર) એ મીની પંજાબ હોટલના કંપાઉન્ડમાં પોતાના કબ્જાના મોમાયા કુપા સર્વીસ સ્ટેશન પાછળ ડીઝલનો ગેરકાયદેસર જથ્થો ચોરી છળકપટ થી મેળવી છુપાવેલ છે, આ બાતમી આધારે જગ્યાએ જઈ તપાસ કરતા ડીઝલનો ૨૫૦ લીટર જથ્થો કિં. રૂ.૨૩,૦૦૦ મળી આવ્યો હતો તે કબ્જે કરી ઈસમની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરાઇ હતી.

આ કામગીરી ભચાઉ પોલીસ ઇન્સ્પેક્ટર એસ.ડી.સિસોદીયા, સબ ઇન્સ્પેક્ટર ડી.જે.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

બેંક સાથે છેતરપીંડી કરનાર આરોપીઓના જામીન નામંજુર

ભુજ તા.૧૨

તાલુકાના માનકુવામાં રહેતા દીપ ભરત વ્યાસ અને તેમના પત્નીના નામે ઈલેક્ટ્રોનિકા ફાયનાન્સ લીમીટેડ કંપનીમાં સરકારી મુદ્રા યોજના હેઠળ લોન મંજુર કરાવી આપશે.

તેવો વિશ્વાસ સંપાદન કરી ભુજના સૌકત આમદ સમેજાએ ફરિયાદી દીપ વ્યાસ પાસેથી જરૂરી આધારો, આધાર કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટા, ડ્રાઈવિંગ લાયસન્સ તથા ચેક તેમજ અન્ય અસલ આધારો મેળવી, લોન થઇ જશે તેવો ભરોસો આપેલ, ત્યારબાદ લોનના બહાને ફરિયાદી પાસેથી અસલ આધારો ના માધ્યમથી લોન મંજુર કરાવી રકમ ફરિયાદીને દીપભાઈને આપવા ને બહાને આરોપીઓ સૌકત આમદ સમેજા, અખ્તર દાઉદ સમેજા અને રિયાઝ રજાક રાયમાઓએ એકબીજા સાથે મીલાપીકરણ રચીને મોડસ ઓપરેન્ડીથી ફરિયાદીના અસલ આધારોનો ગેર ઉપયોગ કરીને કેરા ખાતે આવેલ એક્સીસ બેંકમાં ફરિયાદી દીપ વ્યાસની જાણ બહાર ખાતું ખોલાવીને ખાતામાં ફરિયાદીને બદલે અન્ય વ્યક્તિનો ફોટો લગાવી ફરિયાદીના મોબાઈલ નંબરને બદલે અન્ય વ્યક્તિના મોબાઈલ નંબર ખાતામાં નાખી એક્સીસ બેંક, કેરામાં ખાતું ખોલાવીને ઈલેક્ટ્રોનિકા ફાયનાન્સ કંપની લીમીટેડની મંજુર લોનની રકમ ફરિયાદીની જાણ બહાર એક્સીસ બેંક, કેરામાં જમા કરાવીને આરોપીએ બારોબાર ઉપાડીને છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યા સબંધી ફરિયાદ માનકુવા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ, જે અનુસંધાને આરોપી રિયાઝ રજાક રાયમા કે જેઓએ એક્સીસ બેંક, કેરામાં ખાતામાં ફરિયાદીને બદલે પોતાનો ફોટો રજુ કરેલ તેમજ ખાતામાં મોબાઈલ નંબર તરીકે અખ્તર દાઉદ સમેજાએ પોતાનો નંબર આપેલ હોઈ માનકુવા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ દરમિયાન સૌકત આમદ સમેજા ઉપરાંત અખ્તર દાઉદ સમેજા તેમજ રિયાઝ રજાક રાયમા ગુનેગાર હોઈ તેઓની ધરપકડ કરવામાં આવેલ જેમાં તેઓના જામીન નામદાર નીચેલી કોર્ટમાં નામંજૂર થતા રિયાઝ રજાક રાયમાએ નામદાર સેસન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરતા નામદાર સાતમાં અધિક સેસન્સ જજ સમક્ષ રજુ થયેલ પુરાવાઓ અને દલીલ ધ્યાને લઇ રિયાઝ રજાક રાયમાના જામીન નામંજૂર કરવામાં આવેલ, આરોપીએ પોતાની ખોટી ઓળખ ઉભી કરીને ગુનો કરેલ છે,આ ગંભીર પ્રકારનો ગુનો છે જેથી હાલના તબક્કે જામીન આપી શકાય નહિ તેવું જણાવીને જામીન નામંજૂર કરેલ, તદુપરાંત અન્ય આરોપી તરીકે અખ્તર દાઉદ સમેજાના પણ જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા.

આ તબક્કે આરોપી રિયાઝ રાયમાના કેસમાં સરકાર પક્ષે વકીલ એસ.એ.મહેશ્વરી તેમજ ફરિયાદીના એડવોકેટ તરીકે ઋષિ જે.ઉપાધ્યાય, વિશાલ બી.મકવાણા તેમજ સાજીદ આઈ. તુરીયા હાજર રહીને દલીલો તેમજ જરૂરી પુરાવાઓ રજુ કર્યા હતા.

ચોરીના કોપર કેબલ સાથે વોંધના ઈસમને ઝડપતી ભચાઉ પોલીસ

ભચાઉ તા.૧૨

મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા પોલીસ વડાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ.એસ.ડી સિસોદીયાની સુચના અન્વયે સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમને બાતમી મળેલી કે, ભચાઉ થી વોંધ સર્વીસ રોડ ઉપર હિતેષ અશોક વાલ્મીકી (રહે. વોંધ તા.ભચાઉ) વાળો ચોરી કે છળકપટથી મેળવેલ કોપર વાયર સાથે મોટર સાયકલ લઈને ઉભેલ છે.

જે બાતમી આધારે સદરહુ સ્થળે જઈ તપાસ કરતા કોપર કેબલ વાયર ૫૦ મીટર કિં. રૂ. ૫,૦૦૦ સાથે ઈસમ મળી આવ્યો હતો, કેબલ વાયર તેમજ સ્પેલન્ડર બાઈક રૂ.૭૦,૦૦૦ સહિત રૂ.૭૫,૦૦૦ હજારનો મુદામાલ કબ્જે કરી, ઈસમની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી ભચાઉ પોલીસ ઇન્સપેક્ટર એસ. ડી.સિસોદીયા, સબ ઇન્સ્પેકટર ડી. જે.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR 1 YEAR

વિનોદભાઈ ચાવડા
સાંસદ કચ્છ
મહામંત્રી ગુજરાત પ્રદેશ ભાજપ
ન્યુઝ ૪ કચ્છ

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR 1 YEAR

પંકજભાઈ મહેતા
પુર્વ ધારાસભ્ય રાપર,પુર્વ પ્રમુખ
કચ્છ જીલ્લા ભાજપ
ન્યુઝ ૪ કચ્છ

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

રાજપૂતાના પોશાકનો ભવ્ય શો-રૂમ
કચ્છ દરબાર
માન | મર્યાદા | મોભો
પાઘડી | સાફા | શેરવાની | જોધપુરી
કલગી | બ્લેઝર | કોટી | કુર્તા સેટ
અચકણ | સુટ | કમરપટ્ટા | મોજડી
હન્ટીંગ બ્રીચીસ | રાજપૂતાના કેપ | ઈન્ડો વેસ્ટર્ન | રાજપૂતાના બ્રોચ
સિધ્ધનાથ મહાદેવ મંદિરની સામે, કૈલાશનગર પાટીયા પર, એસ.ટી. વર્કશોપ રોડ, સંસ્કાર નગર, ભુજ (કચ્છ)
kutchdarbar@gmail.com kutchdarbar kutchdarbar
M. 7016516342, 7567562777

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
SINCE 1994
POOJARA®
Gujarat's No.1 Mobile Retailer
Poojara Telecom
Bhuj 2
76000 80021
bhuj2.ptpl@gmail.com
AC | TVMobile | Accessories | Smart Watch
POOJARA TELECOM PVT. LTD.
Swaminarayan Arcade,
Chhathibari Ring Road,
Near Dhaval Commercial,
Bhuj 370 001